## ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માનાં નેતૃત્વમાં કોંગ્રેસ કાર્યાલય સામે ભાજપનાં ધરણા

# જનતા કોંગ્રેસનાં રાજકીય ષડયંત્રને ક્યારેય સફળ થવા દેશે નહી

ભાજપા કાર્યકર્તાઓએ કોંગ્રેસનાં શરમજનક વર્તનની નિંદા કરતાં વિવિધ બેનરો સાથે સુત્રોચ્ચાર કરી કોંગ્રેસનાં નિંદનીય કૃત્યનો વિરોધ નોંધાવ્યો

લોકશાહીમાં દરેક રાજકીય પક્ષને વિરોધ કરવાનો અધિકાર છે પરંતુ કોંગ્રેસે લોકશાહીની ગરિમાનો ભંગ કરીને અરાજકતા ફેલાવી છે

વર્ષોથી સત્તાથી દૂર રહેલી કોંગ્રેસ હવે યુવાનોને ગેરમાર્ગે દોરીને રાજકીય લાભ મેળવવાનાં ષડયંત્રોમાં વ્યસ્ત

પેપરલીક જેવી ગંભીર ઘટનાનાં સંદર્ભે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબંધિત તંત્રને સ્પષ્ટ અને કડક સુચનાઓ આપી છે




ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગઈકાલે વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના નેતાઓ દ્વારા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નિવાસસ્થાન બહાર વિરોધ પ્રદર્શન કરીને લોકશાહીની મર્યાદા, પ્રધાનમંત્રીના પદની ગરિમા તથા સુરક્ષા પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. વિરોધ પક્ષને ન છાજે તેવા આ બેજવાબદાર કૃત્યના વિરોધમાં આજે ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિકર્માના નેતૃત્વ હેઠળ અમદાવાદના પાલડી સ્થિત ગુજરાત કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે ધરણાં પ્રદર્શન યોજાયું હતું. ભાજપા કાર્યકર્તાઓએ કોંગ્રેસના શરમજનક વર્તનની નિંદા કરતાં વિવિધ બેનરો સાથે સૂત્રોચ્ચાર કરીને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આવાસને ઘેરવાના કોંગ્રેસના કૃત્યનો સખત વિરોધ નોંધાવ્યો હતો.

આ ધરણાં પ્રદર્શન દરમિયાન પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિકર્માએ જણાવ્યું હતું કે, લોકશાહીમાં દરેક રાજકીય પક્ષને વિરોધ કરવાનો અધિકાર છે, પરંતુ દેશના પ્રધાનમંત્રીના નિવાસસ્થાનની સુરક્ષા, પદની ગરિમા અને બંધારણીય મર્યાદાઓનું પાલન કરવું દરેકની નૈતિક અને લોકશાહી જવાબદારી છે. કોંગ્રેસે આ તમામ મર્યાદાઓનો ભંગ કરીને જે શરમજનક કૃત્ય કર્યું છે તે અત્યંત નિંદનીય છે.

તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના પ્રશ્નો અને જાહેર હિતના મુદ્દાઓ પર જવાબદાર અને રચનાત્મક ચર્ચા થવી જોઈએ, પરંતુ કોંગ્રેસ આવા ગંભીર મુદ્દાઓને પણ રાજકીય સ્વાર્થ માટે ઉપયોગમાં લઈ યુવાનોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે. કેન્દ્ર સરકારે નીટ પરીક્ષાના મુદ્દે પારદર્શક તપાસ, દોષિતો સામે કડક કાર્યવાહી અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે અસરકારક પગલાં લીધા છે. તેમ છતાં કોંગ્રેસ અને તેના નેતા રાહુલ ગાંધી આ મુદ્દે માત્ર રાજકીય લાભ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

વધુમાં જણાવ્યું હતું કે, પેપર લીકજેવી ગંભીર ઘટનાના સંદર્ભે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબંધિત તંત્રને સ્પષ્ટ અને કડક સૂચનાઓ આપી છે. ગઈકાલે કોંગ્રેસે રાજકીય નાટક કરીને જે બેજવાબદાર વર્તન કર્યું છે તેને ગુજરાત અને દેશની જનતા કયારેય સ્વીકારશે નહીં.

તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ દેશનો યુવાન આજે આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સક્રિય ભાગીદાર બન્યો છે. યુવાનો આજે માત્ર 'જોબ સીકર' નહીં, પરંતુ 'જોબ ગીવર' તરીકે નવી તકોનું સર્જન કરી રહ્યા છે અને ભારતે વિની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવ્યું છે. વિના ૩૪થી વધુ દેશોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને સર્વોચ્ચ સન્માનથી નવાજયા છે જે ભારતની વૈકિ સ્તરે મજબૂતીનું ઉદાહરણ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પોતાના દાયકાઓના શાસનકાળ દરમિયાન જે વિકાસકાર્યો કરી શકી નહોતી, તે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ટૂંકા ગાળામાં સાકાર થયા છે. પરિણામે આજે દેશના યુવાનો, મહિલાઓ, ખેડૂતો સહિત સમાજના દરેક વર્ગમાં ભાજપ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે અતૂટ વિાસ વ્યકત થઈ રહ્યો છે અને જનતા સતત ભાજપાને જનસેવાની તક આપી રહી છે. વર્ષોથી સત્તાથી દૂર રહેલી કોંગ્રેસ હવે યુવાનોને ગેરમાર્ગે દોરીને રાજકીય લાભ મેળવવાના ષડયંત્રોમાં વ્યસ્ત છે, પરંતુ ગુજરાત અને દેશની જાગૃત જનતા આવા રાજકીય ષડયંત્રોને કયારેય સફળ થવા દેશે નહીં.

આ ધરણાં પ્રદર્શનમાં પ્રદેશ મહામંત્રીઓ અનિરૂદ્ધભાઈ દવે, ડો. પ્રશાંતભાઈ કોરાટ, પ્રદેશ પ્રવકતા ડો. અનિલભાઈ પટેલ, અમદાવાદના મેયર, અમદાવાદ તથા ગાંધીનગરના શહેર-જિલ્લા ભાજપા સંગઠનના પ્રમુખો, ધારાસભ્યો, સંગઠનના પદાધિકારીઓ, ભાજપા અગ્રણીઓ તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતાં અને કોંગ્રેસના નિંદનીય વર્તન સામે વિરોધ નોંધાવ્યો હતો.

## બગસરા ખાતે 'માનવ-વન્યજીવ સંઘર્ષ' નિવારણ અંગે જાગૃતિ શિબિર યોજાઈ

બગસરા, તા. ૨૨

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલી, વન વિભાગ તથા તાલુકા કાનૂની સેવા સમિતિ, બગસરાના સંયુક્ત ઉપક્રમે બગસરા મુકામે આવેલ નાલંદા સ્કૂલ ખાતે એક વિશેષ જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં ગીરકાંઠાના ગામો તેમજ જંગલ વિસ્તારની નજીક રહેતા નાગરિકો અને સિંહ - દીપડા જેવા વન્યજીવો વચ્ચે સંઘર્ષના બનાવો સતત વધી રહ્યા છે, જેને ધ્યાનમાં રાખીને આ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.


તસ્વીર : સમીર વિરાણી-બગસરા

આ કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના સેક્રેટરી અને સિનિયર સિવિલ જજ પ્રખર શર્મા, વન વિભાગ તરફથી રેન્જ ફોરેસ્ટ ઓફિસર જયરાજભાઈ વાળા, ફોરેસ્ટર જી.એ.ભુવા, નાલંદા શાળાના પ્રિન્સિપાલ સંગીતાબેન સાંગાણી, ટ્રસ્ટી જયેશભાઈ પટેલ તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ, બગસરાના હિરેનભાઈ પરમાર અને પીએલવી, પત્રકાર સમીરભાઈ વિરાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના શિબિર દરમિયાન રેન્જ ફોરેસ્ટ ઓફિસર જયરાજભાઈ વાળા તથા ફોરેસ્ટર જી.એ.ભુવાએ વિદ્યાર્થીઓને વન્યજીવો અંગે ઉપયોગી માહિતી આપતા જણાવ્યું હતું કે, સિંહ અને દીપડાનું કેવા સંજોગોમાં કેવું વર્તન હોય છે અને માનવ તથા વન્યજીવ વચ્ચે સંઘર્ષ થવાના મુખ્ય કારણો કયા છે. તેમણે આવા સંઘર્ષથી કેવી રીતે બચી શકાય, ગેરકાયદેસર સિંહ દર્શન (લાયન શો) કરવા બદલ થતી કડક સજાની જોગવાઈઓ, તેમજ કદાચ માનવ - વન્યજીવ વચ્ચે સંઘર્ષનો કોઈ બનાવ બને તો તેવા સમયે ત્વરિત શું પગલાં ભરવા તે અંગે વિસ્તારપૂર્વક માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. આ ઉપરાંત સમાજમાં આ અંગે જાગૃતિ ફેલાવવામાં વિદ્યાર્થીઓ કેવી મહત્વની ભૂમિકા ભજવી શકે છે તે વિશે પણ સરળ શૈલીમાં સમજાવ્યું હતું.

ત્યારબાદ, વન્યજીવો પ્રત્યે આત્મિયતા અને સુરક્ષા અંગેની આવી મહત્વપૂર્ણ વિગતો સરળ રીતે શીખવા મળતા શાળાના વિદ્યાર્થીઓએ ભારે ખુશી વ્યક્ત કરી હતી.

### આગામી ૨૯ જુલાઈનાં રોજ

## રાજકોટ : ન્યારા આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાશે

### ગુરૂવંદના સહિતનાં કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા. ૨૨

આગામી તા. ૨૯ને બુધવારના રોજ ગુરૂપૂર્ણિમા હોય જેને લઈ ન્યારા આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાની ધામધુમથી ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીની તડામાર તૈયારીઓનો પ્રારંભઈ થઈ જવા પામેલ છે.

આગામીતા. ૨૯નાંરોજ શ્રી ગુરૂપૂર્ણિમાના દિવસે સવારે ૬:૧૫ કલાકે મંગળા આરતી, સવારે ૯ કલાકે પાદુકા પૂજન, બપોરે ૧૧:૩૦ કલાકે ઉત્સવ આરતી, બપોરે ૧૨ થી ૨:૩૦ વાગ્યા સુધી મહાપ્રસાદ તથા સંધ્યા આરતી સાંજે ૭ કલાકે તથા ગુરૂદેવની પાદુકાસ્પર્શ (દર્શન) સવારથીશયનસુધી રહેશે.

તેજદિવસેસવારનાગાયોને ઘાસચારો તથા શ્વાનને લાડુ આપવામાં આવશે, ન્યારા ગામના બાળકોને બટુક ભોજન કરાવવામાં આવશે. બહેનો માટે મોળા ફરાળની વ્યવસ્થા જુદી રાખેલ છે તથા આવનાર દરેક ગુરૂ ભાઈઓ તથા બહેનોને રક્ષાદોરી પ્રસાદીરૂપે દેવામાં આવશે.



આ ગંગા-જમના-સરસ્વતી ત્રિવેણી સંગનો લાભ લેવા આયોજકો ધ્વારા આમંત્રણ દેવામાં આવેલ છે, ન્યારા આશ્રમમાં શ્રી સદગુરૂ સ્વામીરણછોડદાસબાપુ તથા શ્રી સદગુરૂ હરીચરણદાસજી બાપુ તથા શ્રી જયરામજીબાપુના ત્રણેય ગુરૂજીના આશીર્વાદ ન્યારા આશ્રમ ઉપર વસે છે. તેનો લાભ લેવા અને શ્રી ગુરૂપૂર્ણિમાં ઉત્સવમાં સૌ શિષ્યગણ સાથે મળીને ગુરૂદેવનો મહિમા ગાઈને પૂણ્યનું ભાથુ બાંધશું તેમ કાર્યક્રમનાં આયોજકો ધ્વારા એક યાદીમાં જણાવાયું છે.

**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

### અષાઢ મહિનો એટલે વરસાદ મહિનો છતાં

## સાવરકુંડલામાં આકાશમાં વાદળોની ઘેરાબંધી છતાં વરસાદનો અભાવ

### ધરતી પુત્રો સારા વરસાદની રાહમાં



સાવરકુંડલા, તા. ૨૨

હાલ અષાઢ મહિનો એટલે કે ભર ચોમાસાની પૂરબહાર મોસમ ચાલી રહી છે. સાહિત્યમાં જેનું આગવું મહત્વ છે તેવા અષાઢમાં સાવરકુંડલાના આકાશમાં વાદળોની ઘેરાબંધી તો જોવા મળે છે, પરંતુ વર્ષારાણીની સંતાકૂકડી સાંપ્રત રાજકીય નેતાઓ જેવી જોવા મળી રહી છે. આ વર્ષે અષાઢ બેસી ગયો હોવા છતાં જોઈએ તેવો મન મૂકીને વરસાદ વરસ્યો નથી.

આજે સવારે આશરે સવા છ વાગ્યાના સુમારે ભારે પવન સાથે થોડા સમય માટે છાંટા પડયા હતા, એમ હતું કે હમણાં ટૂટી પડશે. પરંતુ ત્યારબાદ પરિસ્થિતિ 'હતા ત્યાં ને ત્યાં' જેવી થઈ ગઈ હતી. વરસાદે જાણે સાવરકુંડલાવાસીઓ સાથે રૂસણાં લીધા હોય તેમ આકાશમાંથી ટગર-ટગર જોઈ રહ્યો છે. નાના બાળકોના મુખે પણ હવે તો એવી ચર્ચા છે કે "વર્ષારાણી આપણી સાથે કિટ્ટા થઈ ગયા છે." વાતાવરણમાં ભેજ અને ઉકળાટનો અભાવ હોવાથી હાલ તુરંત જોરદાર વરસાદ પડવાના કોઈ અણસાર દેખાતા નથી. જો કે આતો વર્ષારાણી કહેવાય કયારે રીઝે અને કયારે ખીઝે એ તેના મૂડ પર ડીપેન્ડ રહે. ચોમાસાની ઋતુને કારણે શહેરમાં દેડકાંનો ઉપદ્રવ વધ્યો છે, સાથે જ વાયરલ તાવ તેમજ શરદી-ઉધરસના દર્દીઓનું પ્રમાણ પણ જોવા મળી રહ્યું છે.

બીજી તરફ, ખેડૂતોએ ખેતરોમાં વાવેતર કરી દીધું હોવાથી આ બિયારણને જીવનદાન મળે તે માટે એકાદ સારો વરસાદ થઈ જાય તે ખૂબ જરૂરી બન્યું છે. શાળાએથી ભણીને ઘર તરફ પરત ફરી રહેલી નાની બાળા ધાર્વિબેન પણ આકાશ તરફ નજર માંડીને વર્ષારાણીની આતુરતાથી પ્રતીક્ષા કરી રહી છે. હવે તો બસ, સૌ કોઈ હેમખેમ મેઘરાજા મન મૂકીને વરસાવી દે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. હાલ બપોરના ચાર વાગ્યા સુધી આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી તો વરસાદના કોઈ વાવડ નથી ખાલી વાદળો .. અને ડોળ..

### ખોડલધામ મંદિરનાં આગેવાનો દ્વારા

## બાબરા ખાતે ગુરૂકૃપા એન્ટરપ્રાઈઝનાં નૂતન સોપાનને શુભેચ્છાઓ પાઠવવામાં આવી

### સંચાલક પ્રવિણભાઈ કરકરને શુભેચ્છા પાઠવાઈ

બાબરા, તા. ૨૨

બાબરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ કરકર તેમજ અશોકભાઈ લખમણભાઈ કરકર દ્વારા ગુરૂકૃપા એન્ટરપ્રાઈઝ એન્ડ સોલારના નુતન પ્રારંભે સુરેશભાઈ દેસાઈ, પૂર્વ પ્રમુખ અમરેલી જીલ્લા ખોડલ ધામ સમિતિ ગોરધનભાઈ ગેડીયા, ચેરમેન ભોજલ રામ સેવા સહકારી મંડળી લી. શંભુભાઈ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

પાછાણી, પ્રમુખ ખોડલધામ સમિતિ મગનભાઈ કોઠીયા અગ્રણીઓ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

## શિક્ષણ મંત્રી રાજીનામું આપે : પ્રધાનમંત્રી-ગૃહમંત્રી દેશની માફી માંગે : અમિત ચાવડા

# ભાજપ શાસનમાં પરીક્ષા વ્યવસ્થા ભ્રષ્ટ, વિદ્યાર્થીઓ પર અસહ્ય અત્યાચાર

**યુવાનો ઉપર લાઠીચાર્જ, ટીયરગેસ, અત્યાચાર કરનાર સામે કાર્યવાહી કરો**

**નીટ સહિતનાં પેપરલીક કૌભાંડોએ લાખો વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે ચેડા કર્યા**

**ભાજપનાં નેતાઓ લાજવાને બદલે ગાજતાં હોવાનો પણ કોંગી પ્રમુખે કર્યો આક્ષેપ**

**ભાજપનાં નેતાઓને ડી.જે. સાથે ધરણાની મંજૂરી જ્યારે છાત્રો માટે લડતા કોંગી કાર્યકરોની અટકાયત**




અમદાવાદ, તા. ૨૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, આજે ભાજપના નેતાઓએ પોતાની નિષ્ફળતા બદલ શરમ અનુભવવી જોઈએ, પરંતુ તેઓ લાજવાને બદલે ગાજી રહ્યા છે. ભાજપની ડબલ એન્જિન સરકારના શાસનમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં અનેક વખત પેપર લીક થયા, પરીક્ષાઓ રદ થઈ અને લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ગંભીર ચેડાં થયા છે. તાજેતરમાં નીટ પરીક્ષા પેપર લીકની ઘટનાએ સમગ્ર દેશના યુવાનોમાં ભારે આક્રોશ ફેલાવ્યો છે. ભાજપના મળતિયાઓએ સમગ્ર પરીક્ષા પદ્ધતિ, ભરતી પ્રક્રિયા અને શિક્ષણ વ્યવસ્થાને ભ્રષ્ટ બનાવી દીધી છે. જેના કારણે લાખો પરીક્ષાર્થીઓ આજે પોતાના ભવિષ્ય અંગે ચિંતિત છે અને સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરીને ન્યાયની માંગ કરી રહ્યા છે.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા 'છાત્ર ગુંજ' અભિયાનના માધ્યમથી વિદ્યાર્થીઓના પ્રશ્નોને રાષ્ટ્રીય સ્તરે ઉઠાવવામાં આવ્યા છે. આજે દેશનો એક-એક વિદ્યાર્થી, એક-એક પરિવાર અને દરેક જાગૃત નાગરિક કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યો છે. પરંતુ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જે દરેક મુદ્દે ભાષણો કરે છે, તેઓ વિદ્યાર્થીઓના પ્રશ્નો, પરીક્ષા કૌભાંડો અને આત્મહત્યાની દુઃખદ ઘટનાઓ અંગે એક શબ્દ પણ બોલતા નથી. તેમણે કહ્યું કે દેશભરમાં વિદ્યાર્થીઓના આત્મહત્યાના બનાવો ચિંતાજનક છે, છતાં કેન્દ્ર સરકાર મૌન છે.

દિલ્હીના જંતર-મંતર ખાતે પોતાના અધિકાર માટે શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવાના બદલે તેમના પર બર્બરતાપૂર્વક લાઠીચાર્જ કરવામાં આવ્યો. નાની-નાની વિદ્યાર્થીનીઓને ઢસડીને મારવામાં આવી, ઘાયલ વિદ્યાર્થીઓને મદદ કરવાના બદલે તેમના પર ટીયર ગેસના સેલ છોડવામાં આવ્યા. લોકશાહી દેશમાં વિદ્યાર્થીઓ સાથે થયેલો આ વ્યવહાર અત્યંત નિંદનીય અને કલંકરૂપ છે.

લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સંસદમાં પરીક્ષા કૌભાંડ, પેપર લીક અને વિદ્યાર્થીઓના પ્રશ્નો પર ચર્ચાની માંગ કરી ત્યારે સરકારે તે નકારી દીધી. ત્યારબાદ કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનના સાંસદોએ વડાપ્રધાનના નિવાસસ્થાને જઈ ધરણા કર્યા, પરંતુ સરકાર દ્વારા ચર્ચા કરવાના બદલે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને રસ્તા પર ઢસડીને અટકાયત કરવામાં આવી અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી સહિતના નેતાઓ સાથે પણ દુર્વ્યવહાર કરવામાં આવ્યો.

આજે સમગ્ર દેશના લોકો વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચાર અને પરીક્ષા વ્યવસ્થાના ભ્રષ્ટાચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પાસેથી જવાબ માંગે છે. તેમણે માંગ કરી કે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નૈતિક જવાબદારી સ્વીકારીને તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. વિદ્યાર્થીઓ પર અત્યાચાર કરનાર અધિકારીઓ અને જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ તેમજ પેપર લીક, પરીક્ષા વ્યવસ્થાની નિષ્ફળતા અને શિક્ષણ ક્ષેત્રમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર અંગે સંસદમાં વિસ્તૃત ચર્ચા થવી જોઈએ.

ગુજરાતમાં પેપર લીકની ઘટનાઓ અને વિદ્યાર્થીઓની આત્મહત્યાઓ બાદ પીડિત પરિવારોને સાંત્વના આપવાના બદલે ભાજપના નેતાઓ રાજકીય દેખાવા કરી રહ્યા છે. તેમણે પોતાની જવાબદારી સ્વીકારીને આવી ઘટનાઓ ફરી નહીં બને તેની ખાતરી આપવી જોઈએ હતી, પરંતુ આજે તેઓ લાજવાને બદલે ગાજી રહ્યા છે.

'આવનારા દિવસોમાં લખી રાખજો, જે રીતે નેપાળમાં ભ્રષ્ટ શાસકોને જનતાએ રસ્તા પર દોડાવી દોડાવીને માર્યા હતા અને સત્તા છોડવા માટે મજબૂર કર્યા હતા, તેવી નવી ક્રાંતિની શરૂઆત દિલ્હી જંતર-મંતરથી થઈ ચૂકી છે. સમગ્ર દેશના લોકો વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પાસેથી જવાબ માંગશે. વિદ્યાર્થીઓ પર અત્યાચાર કરનારાઓ સામે કાર્યવાહી થશે અને ગુજરાતની ગલી-ગલી સુધી કોંગ્રેસ આ લડતને લઈ જશે.'

કોંગ્રેસ પાર્ટી વિદ્યાર્થીઓના અવાજ, તેમની પીડા અને ન્યાયની લડાઈમાં તેમની સાથે મજબૂતીથી ઊભી રહેશે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં શરૂ થયેલી આ લડતને તેમણે 'નવી આઝાદીની લડાઈ' ગણાવતા કહ્યું કે જેમ મહાત્મા ગાંધીના નેતૃત્વમાં દેશે અંગ્રેજો સામે આઝાદીની લડાઈ લડી હતી, તેમ આજે અન્યાય, ભ્રષ્ટાચાર અને દમન સામે લોકશાહી રીતે સંઘર્ષ કરવા દેશના લોકો રસ્તા પર ઉતર્યા છે. વિદ્યાર્થીઓના હક્કો, પારદર્શક પરીક્ષા વ્યવસ્થા અને શિક્ષણમાં લોકોનો વિસ પુનઃ સ્થાપિત કરવા કોંગ્રેસ પાર્ટી સતત લડત ચાલુ રાખશે.

રાજીવ ગાંધી ભવન સતત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ, આગેવાનો, ધારાસભ્યો ઉપસ્થિત રહી "ભાજપા શરમ કરો", "પેપરલીક મુદ્દે શિક્ષણ પ્રધાન રાજીનામું આપો", "વિદ્યાર્થીઓના બર્બરતા પૂર્વક લાઠીચાર્જ બદલ માફી માંગે" ભારે સૂત્રોચ્ચાર કરીને ભાજપાના વિદ્યાર્થી વિરોધી-યુવા વિરોધી-લોકતંત્ર વિરોધી ચહેરાને ઉજાગર કર્યા હતા.

## અમિતાભે બ્લોગમાં હેલ્થ અપડેટ આપ્યું

# અમિતાભ સર્જરી કરાવ્યા બાદ ઘરે પરત : ચાહકોમાં ચિંતા

મુંબઈ, તા. ૨૨

અમિતાભ બચ્ચને તાજેતરમાં હોસ્પિટલમાં કોઈ સર્જરી કરાવી છે. અમિતાભે પોતે બ્લોગમાં માહિતી આપ્યા બાદ સર્જરી કરાવ્યા બાદ તેઓ ઘરે પરત ફર્યા છે પરંતુ તેમના માટે રિકવરીનો સમય પીડાદાયક બની રહ્યો છે. જોકે, તેમણે શાની સર્જરી કરાવી તેની વિગતો આપી નથી. આ બ્લોગ બાદ તેમના ચાહકો ચિંતિત બન્યા છે.૮૩વર્ષીય અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં જણાવ્યું હતું કે હોસ્પિટલમાં સર્જરી કરાવ્યા બાદ આઈસીયુમાં રહીને પાછાં ઘેર ફરવાનો તબક્કો સૌથી મુશ્કેલ હોય છે. તેમાં શારીરિક, માનસિક અને વ્યવહારમાં ઘણી મુશ્કેલી પડે છે. જીવન અને લડી લેવાના મિજાજ બાબતે બચ્ચને જણાવ્યું હતું કે તમે એક આદરણીય ચેમ્પિયન હો ત્યારે એક દિવસ હાર તમારી સામે મોં તાકીને ઉભી હોય એ તમારા જીવનનો સૌથી મુશ્કેલ તબક્કો બની રહે છે. કેટલાક લડી લે છે, કેટલાક હારી જાય છે. કેટલાક ચેમ્પિયન્સ ભૂતકાળની ભવ્યતામાં રાચે છે તો કેટલાક સમાધાન કરી જીવન જીવે છે. દરેક જણે પોતાની પસંદગી કરવાની હોય છે તેમાં કશું ખોટું પણ નથી. મસ્ત રહો, ખુશ રહો.અગાઉ જુલાઈ ૨૦૨૦માં અમિતાભને કોરોનાનો ચેપ લાગતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એ પછી માર્ચ ૨૦૨૩માં કલ્કિ ૨૮૯૮ એડીના શૂટિંગ દરમ્યાન હૈદરાબાદમાં તેમની પાંસળીમાં સ્નાયુઓ ખેંચાઈ ગયા હતા. એ સમયે તેમણે મુંબઈમાં ઘણાં અઠવાડિયાઓ સુધી ઘરે રહીને આરામ કર્યો હતો.

ખેતીની જમીન વેચવાની છે
અમરેલી તાલુકાના પીપળલગ ગામે
અમરેલી-રાંઢીયા ડબલ પટ્ટી રોડ ટચ ૧૦ વિઘા
ફળદ્રુપ ખેતીની જમીન વેચવાની છે. અમરેલીથી માત્ર ૧૦ કિ.મી., 15 Kw વિજ કનેકશન સાથે ઓટોમેટીક મોટર, ૭૫૦ ફૂટ ઉંડો બોર, બારમાસી પાણીની સુવિધા, ખેતી તેમજ રોકાણ માટે ઉત્તમ તક, તમામ દસ્તાવેજો સ્પષ્ટ અને કાયદેસર, માત્ર ગંભીર અને રસ ધરાવતા ખરીદદારો જ સંપર્ક કરે
(દલાલ ભાઈઓ આવકાર્ય)
સંપર્ક મો : ૯૮૨૫૫ ૧૭૫૪૭, ૯૮૨૫૨ ૦૫૮૭૯

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૭૪૨૬૦ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
માસિક ફી રૂા. ૧૨૫૦/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com




સૌથી સસ્તું મોટરસાયકલ
દરેક પરિવારની પહેલી પસંદ
SHINE 100 DX
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૩૩૩૨




હમરાજ ગાઠીયા હાઉસ
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફ્રુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, કિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક
ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪




મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999




જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪




નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.




Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### સોનમ વાંગચુકે કેન્દ્ર સરકારને લખ્યો પત્ર

# આખરે સોનમ વાંગચુકે ભૂખ હડતાળ સમાપ્ત કરવાની તૈયારી દર્શાવી

**વાંગચુકે પોતાના પત્રમાં કહ્યુ કે સરકાર તે ભરોસો અપાવશે કે છાત્રો પર કાર્યવાહી થશે નહીં : આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓના પરિવારોને વળતરની માગ પણ કરી**

નવી દિલ્હી, તા.૨૨

હોસ્પિટલમાંથી સોનમ વાંગચુકે સરકારને પત્ર લખ્યો છે. સોનમ વાંગચુકે અનશન ખતમ કરવા માટે પોતાની માગ રાખી છે. તેમણે કહ્યું કે આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓના પરિવારને વળતર મળે. સંસદમાં ચર્ચા થાય અને શિક્ષણમંત્રીનું રાજીનામું લેવામાં આવે. પોતાના પત્રમાં સોનમ વાંગચુકે જણાવ્યું કે કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા અને જિતેન્દ્ર સિંહે ગત રાત્રે હોસ્પિટલમાં મુલાકાત કરી. તે માટે તેમણે બંને નેતાઓનો આભાર વ્યક્ત કર્યો છે.

સોનમ વાંગચુકે લખ્યું 'ચર્ચા દરમિયાન તમે મને આશ્વાસન આપ્યું હતું કે સરકાર સકારાત્મક રૂપથી વિચાર કરશે જેમાં પેપર લીક થયા બાદ આપઘાત કરનાર વિદ્યાર્થીઓના પરિવારોને વળતર, સંસદમાં જવાબદારી નક્કી કરવા માટે સાર્થક ચર્ચા, જેમાં માનનીય શિક્ષણ મંત્રીના રાજીનામા પર પણ વિચાર સામેલ છે.'

પોતાના પત્રમાં તેમણે લખ્યું 'પોલીસની બર્બરતા અને જરૂરિયાતથી વધુ બળપ્રયોગ છતાં ૨૦ જુલાઈએ સંસદ ચલો માર્ચ શાંતિપૂર્ણ રહી.

દેશ અને દુનિયાએ લોકતાંત્રિક રીતે વિરોધ કરવા પ્રત્યે તેમના ધૈર્ય અને સંકલ્પને જોયો. હું આશા વ્યક્ત કરુ છું કે તેમાં સામેલ લોકો વિરુદ્ધ કોઈ કાયદાકીય મામલા, દુર્વ્યવહાર કે બદલાની ભાવનાથી કરવામાં આવેલી કાર્યવાહીથી લોકતાંત્રિક સંસ્થાઓમાં તેમના ભરોસાને વધુ ઘટાડવામાં આવશે નહીં.'

તેમણે આગળ લખ્યું- તમારા અહીં આવ્યા બાદ અલગ-અલગ રાજકીય દળોના લગભગ ૬૫ સાંસદોએ મને પત્ર લખ્યો. કેટલાક લોકો આવ્યા અને હજુ સાંજ સુધી આવવાની આશા છે. તે બધાએ મને અનશન ખતમ કરવાની અપીલ કરી અને મને યાદ અપાવ્યું કે દેશ સેવામાં મારે હજુ ઘણું કામ કરવાનું છે. હું તેમની વાતથી સહમત છું.

પત્રમાં તેમણે કહ્યું- હું જીવવા ઈચ્છુ છું. હું મારા વિદ્યાર્થીઓ, શિક્ષણ અને તે કામ તરફ પરત ફરવા ઈચ્છુ છું જેણે મારા જીવનને અર્થ આપ્યો છે. પરંતુ હું તે યુવા લોકોની કિંમત પર આવું ન કરી શકું, જેના માટે આ આંદોલન શરૂ થયું હતું.

સોનમ વાંગચુકે સરકારને અપીલ કરી છે કે સરકાર તે આશ્વાસન આપે કે આંદોલનમાં સામેલ થનાર કોઈપણ યુવા પ્રદર્શનકારી વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં નહીં આવે. તેમનો ગુનો માત્ર એટલો છે કે તેમણે જવાબદાર શિક્ષણ વ્યવસ્થા માટે અવાજ ઉઠાવ્યો. તેમણે કહ્યું- જો મને આ વિશ્વાસ અપાવવામાં આવે છે તો હું તે ભરોસા સાથે મારૂ અનશન સમાપ્ત કરીશ કે સરકારે ન માત્ર મારી અપીલને સાંભળી પરંતુ લાખો યુવા ભારતીયોની આકાંક્ષાઓને પણ સમજી.

વિદ્યાર્થી આંદોલન અને તેના અનુસંધાનમાં સર્જાયેલા વિવાદ વચ્ચે સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિંહ અને કેન્દ્રીય આરોગ્યમંત્રી જે.પી. નડ્ડાને પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે વિદ્યાર્થીઓની વિવિધ માંગણીઓને ધ્યાનમાં લઈને તાત્કાલિક સંવેદનશીલ નિર્ણય લેવા અપીલ કરી છે. સોનમ વાંગચુકે શિક્ષણમંત્રીની જવાબદારીના મુદ્દે સંસદમાં ચર્ચા કરવાની માંગ કરી છે. સાથે જ આપઘાત કરનારા વિદ્યાર્થીઓના પીડિત પરિવારોને યોગ્ય વળતર આપવામાં આવે તેવી રજૂઆત પણ કરી છે.

### કેન્દ્ર અને પોલીસને નોટિસ

# જંતર-મંતર લાઠીચાર્જ કેસ મામલે દિલ્હી હાઈકોર્ટ લાલઘૂમ

**ચીફ જસ્ટિસ દેવેન્દ્ર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે CCTV, બોડી કેમ ફૂટેજ સુરક્ષિત રાખવા આદેશ આપ્યો**

નવી દિલ્હી, તા.૨૨

દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શનકારીઓ પર થયેલા લાઠીચાર્જ અને કાર્યવાહીના મામલે દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસને નોટિસ ફટકારી જવાબ માંગ્યો છે.

ચીફ જસ્ટિસ દેવેન્દ્ર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે CCTV, બોડી કેમ ફૂટેજ અને તમામ રેકોર્ડ સુરક્ષિત રાખવા નિર્દેશ આપ્યા છે. કોર્ટે ૪ અઠવાડિયામાં જવાબ માંગ્યો છે, જેના પર બાદમાં અરજીકર્તા પોતાનો પક્ષ રજૂ કરશે.

અરજીકર્તાઓના વકીલોએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, સોનમ વાંગચુક અને અન્ય પ્રદર્શનકારીઓને જંતર-મંતર પરથી બળજબરીથી હટાવવા તથા લાઠીચાર્જ કરવો ગેરબંધારણીય હતો. વકીલ એન હરિહરને જણાવ્યું હતું કે, જ્યારે વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ પ્રદર્શન શરૂ કર્યું, ત્યારે તે તેમના બંધારણીય અધિકારોનો ભાગ હતું. પરંતુ બાદમાં પ્રદર્શનકારીઓ પર અતિશય બળપ્રયોગ અને બર્બરતા કરવામાં આવી હતી, જે અત્યંત ચિંતાજનક છે.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે સવાલ કર્યો હતો કે, જો પોલીસના મતે આ ગેરકાયદે મંડળી હતી, તો કાયદામાં આવી સ્થિતિને પહોંચી વળવા ચોક્કસ પ્રક્રિયા નક્કી કરાયેલી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જ્યારે મોટી સંખ્યામાં લોકો જોડાયેલા હોય, ત્યારે દરેક વ્યક્તિને અલગથી FIR નોંધાવવા કહેવું યોગ્ય નથી.

કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા છજીય રાજુએ અરજીનો વિરોધ કરતા કહ્યું હતું કે, આ અરજીઓ માત્ર પબ્લિસિટી અને લાઈમલાઈટ મેળવવા માટે કરવામાં આવી છે. જેમના પર કથિત હુમલો થયો છે તેમાંથી કોઈ સામે આવ્યું નથી. પ્રદર્શન શાંતિપૂર્ણ નહોતું, પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા અને વાહનોને નુકસાન પહોંચાડાયું હતું. જ્યારે હિંસા થાય ત્યારે પોલીસે કાર્યવાહી કરવી જ પડે છે.

### જંતર મંતર પર ડ્યુટી કરતા જવાનોને આદેશ

# સાદા કપડાં નહીં ચાલે, ફરજિયાત યુનિફોર્મ પહેરો

**દિલ્હીમાં જંતર મંતર ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન સાદા કપડાંમાં પોલીસ દ્વારા લાઠીચાર્જના વીડિયો વાઈરલ થયા હતા**

નવી દિલ્હી, તા.૨૨

દિલ્હીમાં જંતર મંતર પર વિરોધ પ્રદર્શન વખતે અનેક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ સાદા કપડાં પહેરીને કાર્યવાહી કરી હતી. આ અંગે જોરદાર વિરોધ બાદ દિલ્હી પોલીસ હેડક્વાર્ટર દ્વારા આદેશ કરાયો છે કે, જંતર મંતર પર ડ્યુટી દરમિયાન યુનિફોર્મ પહેરવો ફરજિયાત છે. કાયદો અને વ્યવસ્થા જાળવતી વખતે પોલીસની ઓળખ સુનિશ્ચિત થઈ શકે તેમજ કોઈ પણ પ્રકારની ગેરકાયદે અને શંકાસ્પદ કાર્યવાહી પર રોક લગાવવા યુનિફોર્મ પહેરવો ફરજિયાત છે. નોંધનીય છે કે, જંતર મંતર પર વિદ્યાર્થીએ કરેલા વિરોધ પ્રદર્શનમાં કેટલાક પોલીસ કર્મીઓએ સાદા કપડાંમાં પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો હતો, જેના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસે ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

નવી દિલ્હીમાં જંતર મંતર ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન વિવાદાસ્પદ ઘટના સામે આવ્યા બાદ દિલ્હી પોલીસ એક્શનમાં આવી છે. તાજેતરમાં પ્રદર્શનકારીઓ પર પ્લેન ક્લોથ્સ (સાદા કપડાં)માં સજ્જ કેટલાક લોકો દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો હોવાના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા હતા. આ ઘટના બાદ ચારેય તરફથી વિરોધ અને ટીકાઓનો સામનો કરી રહેલા દિલ્હી પોલીસ હેડક્વાર્ટર દ્વારા કડક આદેશ જાહેર કરવામાં આવ્યા છે. હવેથી જંતર મંતર ખાતે તૈનાત તમામ પોલીસ કર્મચારીઓએ ફરજિયાતપણે પોતાના યુનિફોર્મમાં જ રિપોર્ટ કરવાનો રહેશે અને કોઈપણ કર્મચારી સાદા કપડાંમાં ડ્યુટી કરી શકશે નહીં.આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે હજારોની સંખ્યામાં વિરોધ પ્રદર્શનકારીઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે જંતર મંતરથી સંસદ ભવન તરફ માર્ચ કાઢી રહ્યા હતા. આ દરમિયાન દિલ્હી પોલીસ અને સીઆરપીએફના રેપિડ એક્શન ફોર્સ સાથે પ્રદર્શનકારીઓની ભારે ઝડપ થઈ હતી. આંદોલન ઉગ્ર બન્યા બાદ સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં કેટલાક પુરુષો સાદા કપડાંમાં અને કેટલાક યુનિફોર્મમાં પોતાના નામના ટેગ હટાવીને પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કરતા જોવા મળ્યા હતા. જેને લઈને સોશિયલ મીડિયા પર દિલ્હી પોલીસની ભૂમિકા સામે ગંભીર સવાલો ઊભા થયા હતા અને સાદા કપડાંમાં લાઠીઓ ચલાવતા લોકો કોણ છે તે અંગે ભારે આક્રોશ જોવા મળ્યો હતો. જો કે, નવી દિલ્હી જિલ્લા પોલીસના આંતરિક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સંસદ માર્ગ, રેલ ભવન ગોળચક્કર, જંતર મંતર અને કનોટ પ્લેસ જેવા વિસ્તારોમાં પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે માત્ર હળવો બળપ્રયોગ કરવામાં આવ્યો હતો.કાયદાકીય અને બંધારણીય દ્રષ્ટિએ પણ આ મુદ્દે મોટી ચર્ચા જાગી છે. સામાન્ય રીતે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ અધિકારીઓનું ઓળખાઈ શકવું જરૂરી ગણાય છે.

કાયદાકીય નિષ્ણાતોના મતે, જો કોઈ પોલીસ અધિકારી યુનિફોર્મમાં ન હોય અથવા તેની ઓળખ ન થઈ શકે, તો ભીડને વિખેરાઈ જવાનો તેનો આદેશ કાનૂની માન્યતા ધરાવતો નથી. ગુપ્ત માહિતી એકત્ર કરવા જેવા વિશિષ્ટ કાર્યો સિવાય સામાન્ય કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરી દરમિયાન પોલીસ કર્મચારીઓનું ઓળખપત્ર અથવા યુનિફોર્મમાં હોવું અનિવાર્ય માનવામાં આવે છે.

### દિલ્હીની બેઠકથી રાજકીય અટકળો તેજ

# વિરોધ વચ્ચે PM મોદીને મળ્યા શરદ પવાર અને સુપ્રિયા સુલે

**NCPએ અગાઉ સંકેત આપ્યો હતો કે જો સરકાર તમામ બેઠકોમાં ૫૦% વધારાની લેખિત ખાતરી આપશે તો તેઓ આ વિધેયકને સમર્થન આપવા અંગે વિચાર કરશે**

નવી દિલ્હી, તા.૨૨

બુધવારે જ્યારે વિરોધ પક્ષના સાંસદો સંસદની બહાર સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન અને નારેબાજી કરી રહ્યા હતા, ત્યારે વડાપ્રધાન કાર્યાલયમાં થયેલી એક બેઠકે રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી દીધી છે. NCP (SP)ના પ્રમુખ શરદ પવાર અને તેમની પુત્રી તથા સાંસદ સુપ્રિયા સુલેએ બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યાલયમાં મુલાકાત કરી હતી. બેઠકની તસવીરોમાં અનુભવી મરાઠા નેતા અને વડાપ્રધાન એકબીજા સાથે વાતચીત કરતા અને ખુલ્લા મનથી હસતા જોવા મળ્યા હતા. અન્ય એક તસવીરમાં વડાપ્રધાન વરિષ્ઠ નેતાનું સ્વાગત કરતા અને તેમને પોતાના કાર્યાલયના દરવાજા પર આવકારી રહ્યા હોવાનું જોવા મળ્યું હતું.એક રિપોર્ટ મુજબ આ બેઠક એવા સમયે થઈ છે, જ્યારે સરકાર સંસદમાં પરિસીમન વિધેયક (Delimitation Bill) માટે બે-તૃતીયાંશ બહુમતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે. કેન્દ્ર સરકાર હાલના ચોમાસુ સત્ર દરમિયાન આ વિધેયક ફરીથી રજૂ કરવાની યોજના બનાવી રહી છે. સરકારની સંસદીય વ્યૂહરચના માટે NCP (SP)ના ૮ સાંસદો મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.NCPએ અગાઉ સંકેત આપ્યો હતો કે જો સરકાર તમામ બેઠકોમાં ૫૦% વધારાની લેખિત ખાતરી આપશે તો તેઓ આ વિધેયકને સમર્થન આપવા અંગે વિચાર કરશે. સુપ્રિયા સુલેએ ગયા અઠવાડિયે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, "બેઠકોમાં ૫૦ ટકા વધારાની શરત લેખિતમાં આપો, પછી અમે ચર્ચા કરીશું."એવી અટકળો પણ ચાલી રહી છે કે શરદ પવારની પાર્ટીનો એક જૂથ NDA સાથે વિલય કરવા માટે દબાણ કરી રહ્યો છે, પરંતુ સૂત્રોએ દ્રહ્ફને જણાવ્યું કે, BJPનું વલણ સ્પષ્ટ છે. શરદ પવારના જૂથનો NDA સાથે કોઈપણ સત્તાવાર ગઠબંધન ત્યારે જ શક્ય બનશે, જ્યારે NCPના બંને પ્રતિસ્પર્ધી જૂથો ફરી એક થઈ જશે. આ કારણે હવે મહારાષ્ટ્રમાં રાજકીય રીતે ફરી એક થવાની ચર્ચાઓ ચાલી રહી છે, જેને NCPના બંને જૂથોના નેતાઓ અને સત્તાધારી પક્ષના મહત્વના નેતાઓ વચ્ચેની તાજેતરની મુલાકાતોએ વધુ વેગ આપ્યો છે. BJPના સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટીનું માનવું છે કે NCP સાથે NDAના નજીકના સંબંધો ત્યારે જ બની શકે, જ્યારે બંને જૂથો પોતાના મતભેદો દૂર કરીને એક થઈ જાય. સૂત્રોનું કહેવું છે કે, શરદ પવાર અથવા તેમના નજીકના સાથીઓને વ્યક્તિગત રીતે ગઠબંધનમાં સામેલ કરવામાં પાર્ટીને કોઈ રસ નથી. આ સંદર્ભમાં શરદ પવાર અને વડાપ્રધાન વચ્ચે થયેલી ઉચ્ચસ્તરીય બેઠકના રાજકીય મહત્વને ઓછું આંકી શકાય નહીં. વિરોધ પક્ષના એક મહત્વના સાથી પક્ષના નેતાઓની આ બેઠક એવા દિવસે થઈ છે, જ્યારે વિરોધ પક્ષ સરકાર પર હુમલા વધુ તેજ કરી રહ્યો છે. તેથી આ મુલાકાતના રાજકીય અર્થઘટનો પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.

### જંતર-મંતર વિવાદ મામલે રાજનાથ સિંહના વિપક્ષ પર પ્રહાર

# 'વિદ્યાર્થીઓને ભડકાવ્યા, સંસદમાં ચર્ચાથી ભાગ્યા'

**વિપક્ષ દેશના યુવાનો અને વિદ્યાર્થીઓને રાજકીય મહોરું બનાવી રહ્યા છે, જે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ : રાજનાથ સિંહ**

નવી દિલ્હી, તા.૨૨

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન વિરોધ પ્રદર્શન અને રસ્તાઓ પર થઈ રહેલા વિદ્યાર્થી આંદોલનોને લઈને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિપક્ષ પર તીખા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે, આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે, દેશના યુવાનો અને વિદ્યાર્થીઓને રાજકીય મહોરું બનાવીને ઉપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સંરક્ષણ મંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર વિદ્યાર્થીઓ અને યુવાનોના કલ્યાણ તથા તેમની આકાંક્ષાઓને પૂરી કરવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. રાજનાથ સિંહે કહ્યું, મને પૂરો વિશ્વાસ છે કે, ભારતનો સમજદાર અને પરિપક્વ યુવા આ પ્રકારના રાજકીય કાવતરાંને સારી રીતે સમજે છે. તેઓ કોઈની ઉશ્કેરણીમાં આવવાને બદલે વિકાસ અને રાષ્ટ્ર નિર્માણના રસ્તાને પસંદ કરશે. અમારી સરકાર એ સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે કે, કોઈ પણ યુવા કે, વિદ્યાર્થી સાથે કોઈ અન્યાય ન થાય.

રાજનાથ સિંહે આરોપ લગાવ્યો કે, વિપક્ષના કેટલાક નેતાઓ જાણી જોઈને લોકો વચ્ચે ગુસ્સો ભડકાવવાની, અને અસંતોષનો ખોટો માહોલ ઊભો કરવાની કોશિશ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવાનો આ પ્રયાસ સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થશે.

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે, અને સરકાર સંસદની અંદર દરેક સંવેદનશીલ મુદ્દા પર ચર્ચા કરાવવા માટે તૈયાર છે. આમ છતાં, વિપક્ષી દળો સંસદમાં હકારાત્મક ચર્ચા કરવાને બદલે રસ્તાઓ પર ઉકેલ શોધવાનો નવો, અને ખોટો રસ્તો અપનાવી રહ્યા છે. તેમણે વિપક્ષને સલાહ આપતા કહ્યું કે, જો તેઓ યુવાનોના મુદ્દાઓને લઈને જરાય ગંભીર હોય, તો તેમણે સદનમાં હંગામો ઊભો કરવાને બદલે સંસદીય મર્યાદા હેઠળ ટેબલ પર બેસીને ચર્ચા કરવી જોઈએ.

### હવામાન વિભાગની આગાહી

# આગામી ૫ દિવસ ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ

**૨૫-૨૬ જુલાઈના રોજ મહીસાગર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં અતિભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે**

અમદાવાદ, તા.૨૨

દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી ૨૭ જુલાઈ સુધી ધોધમાર વરસાદની આગાહી કરી છે. જેમાં ૨૫-૨૬ જુલાઈના રોજ મહીસાગર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં અતિભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે અન્ય ૧૫થી વધુ જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. નોંધનીય છે કે, ૨૨ જુલાઈએ સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૨૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડના ઉમરગામમાં ૧૧ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગ અનુસાર, આવતીકાલે ગુરુવારે(૨૩ જુલાઈ) સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિતના જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જેમાં મહીસાગર, દાહોદ, પંચમહાલમાં રેડ એલર્ટ, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, ખેડા, વડોદરા, નર્મદા, છોટા ઉદેપુર, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં ઓરેન્જ એલર્ટ અને બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ, સુરેન્દ્રનગર, આણંદ, ભરૂચ, સુરત, ભાવનગર, અમરેલી, બોટાદમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.૨૪ જુલાઈની આગાહી

રેડ એલર્ટઃ મહીસાગર અને દાહોદ.
ઓરેન્જ એલર્ટઃ સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, મહેસાણા, ખેડા, પંચમહાલ, છોટા ઉદેપુર.
યલો એલર્ટઃ વાવ-થરાદ, બનાસકાંઠા, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, ડાંગ, વલસાડ.૨૫ જુલાઈની આગાહી
ઓરેન્જ એલર્ટઃ સાબરકાંઠા, અરવલ્લી.યલો એલર્ટઃ વાવ-થરાદ, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, મહીસાગર, દાહોદ.૨૬-૨૭ જુલાઈની આગાહીઆગામી ૨૬-૨૭ જુલાઈના રોજ અમરેલી, ભાવનગર, વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી.

### મહિલા સાંસદ સાથે ગેરવર્તણૂકનો આરોપ

# TMC સાંસદ મોનસૂન સત્રમાંથી સસ્પેન્ડ કરાયા

**લોકસભામા TMC સાંસદ કલ્યાણ બેનર્જીને અસંસદીય ટિપ્પણી કરવા બદલ બાકીના સમયગાળા માટે સસ્પેન્ડ કરાયા**

નવી દિલ્હી, તા.૨૨

ટીએમસી નેતા કલ્યાણ બેનર્જી અને તેમના પૂર્વ પક્ષ સહયોગીઓ તથા એનસીપીઆઈ (NCPI)ના કેટલાક સાંસદો વચ્ચે ગૃહમાં તીખી તકરાર થઈ છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સાંસદ કલ્યાણ બેનર્જીને ગૃહમાં મહિલા સભ્યો સાથે કથિત ગેરવર્તણૂક અને દુર્વ્યવહાર કરવા તથા તેમની સામે અસંસદીય ટિપ્પણીઓ કરવાના મામલે બુધવારે ચોમાસુ સત્રના બાકીના સમયગાળા માટે લોકસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.બેનર્જીએ કથિત રીતે TMCના એક બળવાખોર સાંસદને ચોર પણ કહ્યા હતા, જેનાથી વિપક્ષના વિરોધ વચ્ચે ગૃહની કાર્યવાહી સ્થગિત થયા બાદ, લોકસભા ચેમ્બરની અંદર મુકાબલાની સ્થિતિ સર્જાઈ હતી.લોકસભાની કાર્યવાહી બે વાર સ્થગિત થયા બાદ, બપોરે ૨ વાગ્યે શરૂ થઈ, ત્યારે પીઠાસીન સભાપતિ કૃષ્ણ પ્રસાદ તેન્નેટીએ જણાવ્યું કે, આજે સાંસદ કલ્યાણ બેનર્જીએ કેટલીક મહિલા સભ્યો વિરુદ્ધ અસંસદીય ટિપ્પણીઓ કરી છે, જેની લેખિત ફરિયાદ સ્પીકર ઓમ બિરલાને મળી છે. તેમણે કહ્યું, 'આ ગૃહની ગરિમા વિરુદ્ધ છે. સાંસદનું આ વર્તન અત્યંત વાંધાજનક છે.'સમગ્ર મામલાને લઈને સંસદીય બાબતોના રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે ગૃહમાં પ્રસ્તાવ મૂક્યો કે, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનર્જી, જેમણે મહિલા સાંસદો સાથે ગેરવર્તણૂક અને દુર્વ્યવહાર કર્યો છે, તેમને હાલના સત્રના બાકીના સમયગાળા માટે ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવે. ગૃહે આ પ્રસ્તાવને ધ્વનિમતથી સ્વીકારી લીધો, ત્યારબાદ પીઠાસીન સભાપતિ તેન્નેટીએ બેનર્જીને સત્રના બાકીના સમયગાળા માટે ગૃહમાંથી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી, અને તેમને તાત્કાલિક ગૃહની બહાર જવાનો આદેશ આપ્યો.આ પહેલાં પણ બેનર્જીની NCPI સાંસદો એવા મિતાલી બાગ, શતાબ્દી રોય અને કાકોલી ઘોષ દસ્તીદાર સાથે તીખી તકરાર થઈ હતી. આ ત્રણેય પહેલા TMC સાથે જોડાયેલા હતા, પરંતુ બાદમાં પક્ષ છોડીને NCPIમાં સામેલ થઈ ગયા હતા. TMC પ્રમુખ મમતા બેનર્જી પ્રત્યે વફાદાર રહ્યા હોય તેવા, બેનર્જીને ગૃહની કાર્યવાહી સ્થગિત થયા બાદ, સાંસદો સાથે ચર્ચા કરતા જોવામાં આવ્યા હતા. આ ટકરાવનું સાચું કારણ તરત જ જાણી શકાયું નહોતું. પરિસ્થિતિને શાંત કરવા માટે વિપક્ષના કેટલાક સાંસદોએ વચગાળાનો રસ્તો કાઢ્યો હતો. જ્યારે કેટલાક સભ્યોએ બેનર્જીને પૂછ્યું કે, શું થયું હતું, તો તેઓ લોકસભા ચેમ્બર છોડીને ચાલ્યા ગયા હતા. આ ચર્ચા પછી, મિતાલી બાગ, કાકોલી ઘોષ દસ્તીદાર અને NCPIના અન્ય સાંસદોએ આ મુદ્દો ઉઠાવવા માટે લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે તેમના ચેમ્બરમાં મુલાકાત કરી હતી.

### શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની પુત્રી નૈમિષા ટ્રોલ

# તમે વિદેશમાં ભણો છો કારણ કે, દેશની એજ્યુકેશન સિસ્ટમ ફેઇલ છે

**ઉગ્ર વિરોધને કારણે નૈમિષાએ ઇન્સ્ટાગ્રામ ડીએક્ટિવેટ કર્યું**

નવી દિલ્હી, તા.૨૨

દેશમાં એક તરફ શિક્ષણ વ્યવસ્થા અને પરીક્ષાઓને લઈને રાજકીય અને વિદ્યાર્થી આંદોલન ગરમાયું છે. તો બીજી તરફ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના પુત્રી નૈમિષા પ્રધાન સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલિંગનો શિકાર બન્યાં છે. ઉગ્ર વિરોધ અને ટ્રોલિંગના કારણે નૈમિષા પ્રધાને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ડિએક્ટિવેટ કરવું પડ્યું છે.નૈમિષા પ્રધાને અમેરિકાના મેસાચ્યુસેટ્સ સ્થિત ટફ્ટ્સ યુનિવર્સિટીની ફ્લેચર સ્કૂલ ઓફ લો એન્ડ ડિપ્લોમસીમાંથી ૨૦૨૩માં માસ્ટર ઓફ લોઝનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. હાલ તે યુએસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ'માં સીનિયર એસોસિએટ તરીકે કાર્યરત છે.હાલમાં દિલ્હીના જંતર-મંતર પર શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે ચાલી રહેલા વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનો વચ્ચે સોશિયલ મીડિયા યુઝર્સે નૈમિષાની જૂની સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને તેમની યુનિવર્સિટીના પેજ પર કમેન્ટ્સનો મારો ચલાવ્યો હતો. યુઝર્સનું કહેવું છે કે, દેશની શિક્ષણ વ્યવસ્થા કથળી રહી હોવાથી જ મંત્રીની પોતાની પુત્રી પણ અભ્યાસ માટે વિદેશ ગઈ છે.' આ ટ્રોલિંગ વચ્ચે કેટલાક યુઝર્સે મંત્રીની પુત્રીનો બચાવ કરતા લખ્યું હતું કે, 'રાજકીય મતભેદો અને જવાબદારીઓ માટે જવાબદાર વ્યક્તિને સવાલ કરો. જે વ્યક્તિ કોઈ નીતિ વિષયક નિર્ણયમાં સામેલ નથી, તેવા પરિવારના સભ્યોને રાજકીય વિવાદમાં ઢસડવા યોગ્ય નથી.' બીજી તરફ, સમગ્ર વિરોધ પ્રદર્શન અંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર નિશાન સાધતા આરોપ લગાવ્યો કે, વિપક્ષ સંસદના ચોમાસું સત્ર દરમિયાન વિદ્યાર્થીઓનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યો છે. સરકાર NEET સહિતના મુદ્દા પર સંસદમાં ચર્ચા કરવા ૧૦૦% તૈયાર છે અને વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે શૈક્ષણિક સુધારા માટે પણ કટિબદ્ધ છે.

### પોલીસે અત્યાર સુધીમાં ૧૦ FIR નોંધી

# દિલ્હીના કનોટ પ્લેસમાં RAF જવાનને ભીડે દોડાવી દોડાવીને માર્યો

**કનોટ પ્લેસ વિસ્તારમાં સીજેપીના પ્રદર્શન દરમિયાન આરએએફ જવાનને ઘેરીને તેના લિન્ચિંગની કોશિશ કરાઈ**

નવી દિલ્હી, તા.૨૨

દિલ્હીના સૌથી વ્યસ્ત વિસ્તારોમાંથી એક કનોટ પ્લેસ અને જંતર મંતર પાસે થયેલા હોબાળામાં મંગળવાર સાંજે સીજેપી પ્રોટેસ્ટના નામે પહોંચેલા પ્રદર્શનકારીઓએ ભારે બબાલ કરી. આ દરમિયાન ભીડે RAFના એક જવાનને ઘેરી લીધો અને તેની સાથે નિર્દયતાથી મારપીટ કરી. મામલો એટલો વધી ગયો કે જવાનનો જીવ જોખમમાં મૂકાયો હતો. રાહતના સમાચાર એ હતા કે ત્યાં હાજર બીજા RAF જવાનોએ પોતાની સૂજબૂજથી સાથીને ભીડની ચુંગલમાંથી બહાર કાઢ્યો હતો. હવે આ સમગ્ર મામલે દિલ્હી પોલીસે કડક વલણ અપનાવતા એફઆઈઆર નોંધી છે. આ મામલે અત્યાર સુધીમાં દિલ્હી પોલીસે કુલ ૧૦ એફઆઈઆર નોંધી છે તથા ઊંડી તપાસ ચાલુ છે. મંગળવારે સાંજે લગભગ ૮ વાગે કનોટ પ્લેસ વિસ્તારમાં સ્થિતિ ખુબ જ તણાવપૂર્ણ થઈ ગઈ હતી. આરએએફ જવાનનો માંડમાંડ જીવ બચ્યો હતો. પીડિત જવાનની ફરિયાદના આધારે પોલીસે જીવલેણ હુમલાની કલમ હેઠળ ફરિયાદ કરાઈ છે. સોશિયલ મીડિયામાં સામે આવેલા ફૂટેજમાં સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે પ્રદર્શનકારીઓ પોલીસ બેરિકેડ્સની પાછળથી તેમની નજીક જઈને પથ્થરમારો કરી રહ્યા છે. પ્રદર્શનકારીઓએ બેરિકેડ્સ તોડ્યા એટલું જ નહીં પરંતુ ત્યાં ઉભેલી ઈછહ્નની ગાડીઓમાં પણ ખુબ તોડફોડ કરી. દિલ્હી પોલીસે સામાન્ય જનતા અને પ્રદર્શનકારીઓને શાંતિ જાળવવાની અને કાનૂન વ્યવસ્થા જાળવી રાખવામાં સહયોગ કરવાની અપીલ કરી. પોલીસનું કહેવું છે કે વારંવાર ચેતવણી આપવા છતાં પ્રદર્શનકારીઓએ કલમ ૧૪૪ અને પ્રતિબંધિત આદેશોનો ભંગ કર્યો છે.

દિલ્હી પોલીસે આ હિંસા મામલે અત્યાર સુધીમાં કુલ ૧૦ FIR નોંધી છે. આ FIR પાર્લિયામેન્ટ સ્ટ્રીટ અને કનોટ પ્લેસ પોલીસ મથકોમાં નોંધાઈ છે. તેમાં BNS ૨૦૨૩, આર્મ્સ એક્ટ અને જાહેર સંપત્તિ નુકસાન નિવારણ અધિનિયમની ગંભીર કલમો લાગી છે. પોલીસ એ મામલે પણ તપાસ કરી રહી છે કે શું આ હિંસા કોઈ પૂર્વનિયોજિત ષડયંત્રનો ભાગ હતી? આ ઉપરાંત નવી દિલ્હી વિસ્તારમાં મંજૂરી વગર ડ્રોન ઉડાવવા મામલે પણ એક અલગ FIR નોંધાઈ છે.

ક્યાં કેટલી નોંધાઈ ફરિયાદ?
સંસદ માર્ગ પોલીસ મથક- 4 FIR
સીપી પોલીસ મથક- 3 FIR
મંદિર માર્ગ પોલીસ મથક- 1 FIR
બારાખંભા રોડ પોલીસ મથક- 1 FIR
કર્તવ્ય પથ પોલીસ મથક- 1 FIR

પોલીસના જણાવ્યા મુજબ પ્રદર્શન દરમિયાન થયેલી વિવિધ ઘટનાઓ અને કાનૂન વ્યવસ્થા સંબંધિત મામલાઓમાં આ એફઆઈઆર દાખલ થઈ છે. જેની તપાસ ચાલુ છે.સરકારી કામમાં બાધા નાખનારા, પોલીસ કર્મીઓ પર હુમલો કરનારા, સંપત્તિને નુકસાન પહોંચાડનારા પ્રદર્શનકારીઓની ઓળખ માટે પોલીસ ખુબ જદ્દોજહેમત કરી રહી છે. દિલ્હી પોલીસની ટીમો ઘટના સંલગ્ન ૨૫૦થી વધુ વીડિયો ફંફોળી રહી છે. પોલીસ અધિકારીઓનું સ્પષ્ટ કહેવું છે કે વીડિયો ફૂટેજના આધારે ઉપદ્રવમાં સામેલ પ્રદર્શનકારીઓની ઓળખ થઈ રહી છે અને કાયદો હાથમાં લેનારા કોઈ પણ વ્યક્તિને છોડવામાં નહીં આવે.

### સળંગ ચોથા દિવસે હુમલાથી કુવૈતમાં ભયનો માહોલ

# ઇરાનનો કુવૈતના વોટર પ્લાન્ટ, એમેઝોનના ડેટા સેન્ટર પર હુમલો

## ઈરાને જોર્ડનને પણ અડફેટે લીધું, પાંચ ડ્રોન સહિત ત્રણ મિસાઇલ છોડયા, જેને હવામાં જ આંતરી લેવાયા

તહેરાન, તા.૨૨

મધ્યપૂર્વમાં સ્થિતિ દિનપ્રતિદિન વધુ વણસતી જાય છે. ખાડીયુદ્ધ વચ્ચે કુવૈતે દાવો કર્યો છે કે ઈરાને સળંગ ચોથા દિવસ તેના વોટર ડિસેલિનેશન પ્લાન્ટ અને વીજ ઈન્ળાસ્ટ્રકચર પર હુમલા કર્યા છે. આ વોટર ડિસેલિનેશન પ્લાન્ટમાંથી કુવૈતની ૯૦ ટકા વસ્તીને પીવાનું પાણી પૂરુ પાડવામાં આવે છે. આમ ઈરાન હવે વોટર યુદ્ધ છેડી રહ્યુ છે. જયારે ઈરાને જણાવ્યું હતું કે અમેરિકાએ અમારા ડિસેલિનેશન પ્લાન્ટ પર હુમલા કરતાં અમે તેના સહયોગી દેશોના પ્લાન્ટ પર હુમલા કર્યા છે.કુવૈતના વીજળી, પાણી અને રીન્યુએબલ એનર્જી મંત્રાલયે જણાવ્યું હતું કે સોમવારે ઈરાને સળંગ ચોથા દિવસે આ પ્લાન્ટને નિશાન બનાવ્યા. હુમલાના લીધે કેટલાય સ્થળોએ આગ લાગી અને પ્લાન્ટને નુકસાન થયું. મંત્રાલયે જણાવ્યું હતું કે પ્લાન્ટના નુકસાન પામેલા હિસ્સાનું રિપેરિંગ શરૂ કરી દેવાયું છે. કુવૈતમાં પીવાના પાણીનો મોટો હિસ્સો સમુદ્રના પાણીને સાફ કરીને પૂરો પડાય છે. દેશની લગભગ ૯૦ ટકા પીવાના પાણીની જરૂરિયાત ડિસેલિનેશન પ્લાન્ટથી પૂરી થાય છે. તેથી આ પ્લાન્ટ પર હુમલાને અત્યંત ગંભીર માનવામાં આવે છે.ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી)એ દાવો કર્યો છે કે તેણે બહેરીનમાં એમેઝોનના એક મોટા ઈન્ળાસ્ટ્રકચર પ્રોજેકટ પર ક્રુઝ મિસાઈલો વડે હુમલો કર્યો છે. કોઈપણ કંપનીના ડેટા સેન્ટર પર હુમલો થાય છે ત્યારે ફક્ત તેનું જ નુકસાન થતું નથી, પરંતુ તે કંપનીઓ પર પણ અસર પડે છે જે એડબલ્યુએસની સર્વિસનો ઉપયોગ કરી રહી છે.તેના પહેલા પણ અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલો કર્યો હતો ત્યારે વળતી કાર્યવાહી કરતાં ઈરાને ઘણી અમેરિકન ટેકનોલોજી કંપનીઓને નિશાન બનાવી હતી. આ હુમલા અંગે બહરીન સરકાર, અમેરિકા અને એમેઝોન તરફથી કોઈ નિવેદન જારી કરવામાં આવ્યું નથી. આઈઆરજીસી મુજબ તેની એરોસ્પેસ ફોર્સે બહરીનમાં એમેઝોનના સેન્ટ્રલ ડેટા ઈન્ળાસ્ટ્રકચરને નિશાન બનાવ્યું. ઈરાનનો દાવો છે કે આ હુમલામાં ડેટા સેન્ટરને નુકસાન પહોંચ્યું છે. ઈરાને તેની સાથે બહેરીનના મુહર્રક અને રિફા વિસ્તારમાં અમેરિકાની એર ડિફેન્સ અને રડારને પણ નિશાન બનાવવાની વાત કરી છે. બહેરીન એમેઝોન વેબ સર્વિસ માટે મહત્ત્વનું સ્થળ છે. તેથી જો ઈરાનનો દાવો સાચો હોય તો તેને જબરદસ્ત નુકસાન થયું કહી શકાય.અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે તેણે ઈરાનના મિલિટરી કમાન્ડ સેન્ટર, મેરીટાઈમ ક્ષમતા, મિસાઈલ અને ડ્રોન લોન્ચ સાઈટ્સ અને એર ડિફેન્સ સિસ્ટમ્સને ટાર્ગેટ બનાવી હુમલા કર્યા છે. તેણે ઈરાનના ટાર્ગેટેડ સાઈટ્સ પર બોમ્બિંગના ફૂટેજ પણ જારી કર્યા છે. ઈરાનના સરકારી પ્રસારમાધ્યમોએ પણ જણાવ્યું હતું કે ફાર્સ, હોર્મોઝગન, ઈલમ, કેરમાન, સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતમાં બોમ્બના વિસ્ફોટનો અવાજ સંભળાયો છે.જોર્ડનના લશ્કરે જણાવ્યું હતું કે ઈરાને પાંચ ડ્રોન અને ત્રણ મિસાઈલ વડે તેના પર હુમલો કર્યો હતો, પરંતુ જોર્ડને તે નિષ્ફળ બનાવ્યો હતો. આ બધા વચ્ચે ઈરાનના ગૃહપ્રધાન ઈસ્કંદર મોમેનીએ પાકિસ્તાનની મુલાકાત કરી છે, જે અમેરિકા-ઈરાન વચ્ચેનું મુખ્ય મધ્યસ્થી છે. મોમેની પાક.ના ફિલ્ડ માર્શલ અસીમ મુનિરને અને રાજકીય નેતાગીરીને મળ્યા હતા. પાકિસ્તાન અમેરિકા-ઈરાનને વાટાઘાટના ટેબલ પર લાવવા માટે પ્રયત્નશીલ છે. અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રૂબિયોએ જણાવ્યું હતું કે અમેરિકા ઈરાન સાથે વાટાઘાટ માટે તૈયાર છે, પરંતુ તે વાસ્તવિક હોવી જોઈએ. હજી સુધી તે સ્પષ્ટ થયું નથી કે ઈરાને ટ્રમ્પને વાસ્તવિક લાગે તેવી કોઈ ઓફર કરી હોય.

### હુથી બળવાખોરોની ધમકી બાદ ટેન્કર્સે બદલ્યો માર્ગ

# હોર્મુઝ બાદ નવો માર્ગ પણ ઠપ, ભારત-ચીન આવતા સાઉદીના ઓઈલ ટેન્કર્સનો યુ-ટર્ન

## બંને ટેન્કર્સે રેડ સીમાં આવેલા સાઉદી અરેબિયાના યાનબૂ બંદરથી ભારત અને ચીન માટે ક્રૂડ ઓઈલ લોડ કર્યું હતું

નવી દિલ્હી, તા.૨૨

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધની વચ્ચે જે વાતનો સૌથી મોટો ડર હતો તે જ આખરે સામે આવ્યું છે. સ્ટ્રેટ ઑફ હોર્મુઝ બાદ હવે બીજો વોર ફ્રન્ટ ખુલી ગયો છે. યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોની ખુલ્લી ધમકી બાદ ભારત અને ચીન તરફ આવી રહેલા બે ક્રૂડ ઓઈલના ટેન્કર્સને યુ-ટર્ન લેવાની ફરજ પડી છે.આ બંને ટેન્કર્સ રેડ સીમાં આવેલા સાઉદી અરેબિયાના યાનબૂ બંદરથી ભારત અને ચીન માટે ક્રૂડ ઓઈલ લોડ કર્યું હતું. તેમની યોજના મુજબનો માર્ગ બાબ-અલ-મંદેબ થઈને હિંદ મહાસાગરમાં પ્રવેશવાનો હતો. પરંતુ હુથી બળવાખોરો તરફથી મળેલી હુમલાની ધમકીઓને કારણે આ જહાજો હિંદ મહાસાગર તરફ જવાના બદલે ઊંધા ફરીને સ્વેઝ નહેર તરફ આગળ વધી ગયા છે. હવે આ ટેન્કર્સને ખૂબ જ લાંબો રસ્તો કાપીને પોતાની મુસાફરી પૂરી કરવી પડશે.ઉત્તરી અને પશ્ચિમી યમન પર નિયંત્રણ ધરાવતા હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયાની નૌસૈનિક ઘેરાબંધીની જાહેરાત કરી છે. તેમણે શિપિંગ કંપનીઓને પત્ર લખીને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જે પણ જહાજ સાઉદી ઓઈલ લોડ અથવા અનલોડ કરશે તેના પર સીધો હુમલો કરવામાં આવશે. યુદ્ધના કારણે ખાડી દેશોમાંથી બહાર નીકળવાનો મુખ્ય માર્ગ 'સ્ટ્રેટ ઑફ હોર્મુઝ' પહેલેથી જ બંધ થઈ ગયો છે, જેથી સાઉદી અરેબિયા માટે રેડ સી ઓઈલ નિકાસ માટેનો મુખ્ય વિકલ્પ બન્યો હતો. યાનબૂ પાઈપલાઈન દ્વારા દરરોજ લાખો બેરલ સાઉદી ઓઈલ આ જ માર્ગે મોકલવામાં આવતું હતું, પરંતુ હવે અહીં પણ નવો મોરચો ખુલતા મોટું સંકટ ઊભું થયું છે.આ નવો તણાવ ઊભો થતાં જ આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલની કિંમતોમાં ૨%થી વધુનો વધારો નોંધાયો છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત ૯૧ ડોલર પ્રતિ બેરલને વટાવી ગઈ છે, જ્યારે અમેરિકન ગેસોલીનની કિંમત ફરી એકવાર ૪ ડોલર પ્રતિ ગેલનથી ઉપર પહોંચી ગઈ છે.આ સમગ્ર ઘટનાક્રમ પર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે હુથી બળવાખોરોએ હજુ સુધી બાબ અલ-મંદેબનો માર્ગ સંપૂર્ણપણે બંધ કર્યો નથી. ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો તેઓ આવું કરશે તો તેમની સામે સખત કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે જ તેમણે પુષ્ટિ કરી હતી કે યુદ્ધમાં અત્યાર સુધીમાં ૧૮ અમેરિકન સૈનિકો શહીદ થયા છે, જેમાં તાજેતરમાં જોર્ડન અને ઈરાકમાં અમેરિકન સૈન્ય મથકો પર થયેલા ઈરાની હુમલામાં માર્યા ગયેલા ચાર સૈનિકો પણ સામેલ છે.બીજી તરફ, અમેરિકન સેનાએ સતત ૧૧મી રાત્રે ઈરાન પર ભારે બોમ્બમારો ચાલુ રાખ્યો છે. ઈરાનની રાજધાની તેહરાન ઉપરાંત દક્ષિણ-પૂર્વ તટીય શહેરો ચાબહાર અને કોનાર્કમાં પણ જોરદાર વિસ્ફોટો થયા છે. બુશેહર શહેરમાં પણ બે વિસ્ફોટો સંભળાયા હતા, જ્યાં ઈરાનનો એકમાત્ર પરમાણુ ઊર્જા પ્લાન્ટ આવેલો છે. આ પહેલા ઈરાને બહેરીન, કુવૈત અને જોર્ડનમાં આવેલા અમેરિકન સૈન્ય બેઝને નિશાન બનાવ્યા હતા અને હોર્મુઝના મુખ પર એક ટેન્કર પર હુમલો કર્યો હતો.

### રખડતા પશુનો ત્રાસ વધુ એક જીવ માટે બન્યો ઘાતક

# આખલા સાથે બાઈક અથડાતાં નિવૃત્ત કર્મચારીનું સારવાર દરમિયાન મોત

## ગંભીર અકસ્માત બાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો; રખડતા ઢોરના વધતા ત્રાસને લઈને સ્થાનિકોમાં રોષ

જૂનાગઢ,તા.૨૨

જૂનાગઢ જિલ્લાના કેશોદ-માંગરોળ રોડ પર રખડતા આખલા સાથે બાઈક અથડાતા સર્જાયેલા ગંભીર અકસ્માતમાં નિવૃત્ત કર્મચારી માધાભાઈ રાવલિયાનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાએ ફરી એકવાર મુખ્ય માર્ગો પર રખડતા ઢોરના વધતા ત્રાસ અને તેના કારણે સર્જાતા અકસ્માતોના મુદ્દાને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે.

મળતી માહિતી મુજબ, માધાભાઈ રાવલિયા કેશોદ-માંગરોળ રોડ પરથી બાઈક પર પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક એક આખલો રસ્તા પર આવી જતા તેમની બાઈક તેની સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈકનું સંતુલન ગુમાવતા તેઓ રોડ પર ફંગોળાઈ ગયા હતા અને શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટના બનતાં જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બાદમાં વધુ સારવાર માટે તેમને જૂનાગઢની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે ડોક્ટરોની તમામ સારવાર છતાં ગંભીર ઈજાઓના કારણે તેમણે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા હતા. તેમના અવસાનથી પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

આ દુર્ઘટના બાદ સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેમનું કહેવું છે કે કેશોદ તથા આસપાસના મુખ્ય માર્ગો પર રખડતા ઢોરની સમસ્યા લાંબા સમયથી યથાવત છે. અનેક વખત રજૂઆતો છતાં નગરપાલિકા અને સંબંધિત તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે આવા ગંભીર અકસ્માતો વારંવાર બની રહ્યા છે.

સ્થાનિકોએ તંત્ર સામે પ્રશ્ન ઉઠાવતા જણાવ્યું છે કે નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકતી આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની તાત્કાલિક જરૂર છે. મુખ્ય માર્ગો પરથી રખડતા ઢોરને દૂર કરવા માટે નિયમિત અભિયાન ચલાવવા અને જવાબદાર વિભાગો દ્વારા કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

આ ઘટનાએ ફરી એકવાર જાહેર માર્ગો પર રખડતા પશુઓના વધતા ત્રાસને ગંભીર મુદ્દો બનાવી દીધો છે. સ્થાનિકોની માંગ છે કે ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ અટકાવવા માટે પાલિકા અને વહીવટી તંત્ર તાત્કાલિક અસરકારક પગલાં ભરે, જેથી વાહન ચાલકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

### અમેરિકા પછી ચીન પણ એડવાન્સ ટેક્નોલોજીની નિકાસની તરફેણમાં નહીં

# ચીનની એઆઈ-સેમીકંડક્ટર ચીપની નિકાસ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી

## ચીનના પ્રતિબંધથી ડિફેન્સ, ઓટોથી લઈને ડેટા સેન્ટર્સ અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ સામે મોટી સમસ્યા ઊભી થવાની આશંકા

બેઈજિંગ, તા.૨૨

અમેરિકાએ આર્ટિફિશિયલ સાયબર સુરક્ષા સંબંધે ચિંતાઓ વ્યક્ત કરતા અત્યાધુનિક એઆઈ મોડેલ્સની પહોંચ મર્યાદિત બનાવી દીધી છે ત્યારે હવે ચીન પણ આ જ દિશામાં આગળ વધી રહ્યું છે. ચીન પણ અત્યાધુનિક એઆઈ ટેક્રોલોજી અને સેમીકંડકટર ચીપની અન્ય દેશોમાં નિકાસ પર પ્રતિબંધ મૂકવાની વિચારણા કરી રહ્યું છે. ચીન આ પગલું લેશે તો ડિફેન્સ, ઓટોથી લઈને ડેટા સેન્ટર્સ અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ સામે મોટી સમસ્યા ઊભી થઈ શકે છે. ચીન એડવાન્સ એઆઈ ટેક્રોલોજીને વ્યૂહાત્મક રાષ્ટ્રીય અસ્કયામત તરીકે દેશમાં જ રાખવા માગે છે.ચીનનું વાણિજિયક મંત્રાલય કથિતરૂપે ચીની એઆઈ અને સેમીકન્ડકટર કંપનીઓ સાથે સુરક્ષાની પદ્ધતિઓ પર ચર્ચા કરી રહ્યું છે. ચીન તેના ડેટાને દેશની બહાર ટ્રાન્સફર કરવા અને વિદેશી યુઝર્સ દ્વારા એઆઈ મોડેલના ડાઉનલોડિંગ પર પ્રતિબંધ મૂકવા પર પણ વિચાર કરી રહ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ ચીનનું માનવું છે કે તેનાથી અન્ય દેશો દ્વારા એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ અથવા નકલનું જોખમ ઘટી જશે.ચીનની કવાલકોમ, ટીએસએમસી જેવી કંપનીઓને ચીની ડિઝાઈન પર આધારિત ચીપ્સ બનાવતા રોકવા માટે નવો નિયમ બનાવવામાં આવે તેવી શક્યતા છે. એકંદેર ડ્રેગન પોતાની ચીપ ડિઝાઈન પર નિયંત્રણ કરવા અને તેને પોતાના દેશની અંદર જ રાખવા માગે છે.જોકે, હજુ સુધી એઆઈ નિષ્ણાતો સાથે સંકળાયેલા પ્રતિબંધ ફાઈનલ કરાયા નથી, પરંતુ તેને ચીનની નિકાસ પ્રતિબંધ અથવા સ્ટે હોય તેવી વસ્તુઓની સત્તાવાર યાદીમાં તેનો સમાવેશ કરાય તેવી સંભાવના છે. જોકે, મહત્વની બાબત એ છે કે અત્યાધુનિક સેમીકન્ડકટર ચીપ્સના ઉત્પાદનની બાબતમાં ચીન સૌથી મોટું ખેલાડી નથી. તાઈવાન, દક્ષિણ કોરિયા અને અમેરિકા આ બાબતમાં ચીન કરતા આગળ છે. ચીન મુખ્યરૂપે ચીપ પેકેજિંગ અને કેટલીક ખાસ કેટેગરીની ચિપ્સનું ઉત્પાદન કરે છે.ગયા સપ્તાહે પશ્ચિમ એશિયાના ભૂ-રાજકીય તણાવ વચ્ચે ચીને હિલિયમ ગેસની નિકાસ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરીને સમગ્ર દુનિયાને ચોંકાવી દીધી હતી.

### ધરણાં સામે ધરણાંની રાજનીતિ

# પટણા, જયપુર, ભોપાલમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો બાખડ્યાં

## દેશમાં શિક્ષણ વ્યવસ્થા અને પરીક્ષા કૌભાંડોને લઈને દિલ્હીના જંતર-મંતરથી શરૂ થયેલું આંદોલન હવે દેશવ્યાપી બન્યું છે

નવી દિલ્હી, તા.૨૨

દેશમાં શિક્ષણ વ્યવસ્થા અને પરીક્ષા કૌભાંડોને લઈને શરૂ થયેલું આંદોલન હવે દિલ્હીથી નીકળીને સમગ્ર દેશમાં વ્યાપક બની ગયું છે. જંતર-મંતરથી શરૂ થયેલું આ પ્રદર્શન હવે દેશના અનેક રાજ્યોમાં ફેલાઈ ચૂક્યું છે, જેને કારણે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. એક તરફ કોંગ્રેસ સહિતના વિપક્ષી દળો, વિદ્યાર્થીઓ અને સામાજિક સંગઠનો સાથે મળીને સરકાર ઘેરી રહ્યા છે, તો બીજી તરફ ભાજપ પણ વળતો પ્રહાર કરી રહ્યું છે. સંસદ માર્ચ દરમિયાન ઘર્ષણ અને રાહુલ ગાંધીની અટકાયત બાદ ધરણાં સામે ધરણાંની રાજનીતિ તેજ બની છે, જેના પરિણામે પટણા, જયપુર અને ભોપાલ જેવા શહેરોમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો સામસામે આવી ગયા છે અને બંને પક્ષો વચ્ચે ભારે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા છે.

બુધવારે કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી દળોએ સંસદ પરિસરમાં મકરદ્વારની બહાર જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. કેન્દ્ર સરકાર સામે પોતાનો વિરોધ નોંધાવવા માટે અનેક સાંસદો કાળા કપડાં પહેરીને આવ્યા હતા. આ આંદોલનની શરૂઆત જંતર-મંતરથી થઈ હતી, પરંતુ વિરોધ વધતાં પ્રદર્શનકારીઓએ સંસદ તરફ માર્ચ કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે બેરિકેડ લગાવીને તેમને રોકતા અનેક સ્થળોએ ઘર્ષણ અને લાઠીચાર્જની ઘટનાઓ બની હતી. પોલીસે કેટલાક પ્રદર્શનકારીઓની અટકાયત પણ કરી હતી. સોશિયલ મીડિયા પર ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓની તસવીરો અને વીડિયો વાઈરલ થતાં સમગ્ર દેશમાં ભારે ચર્ચા જાગી છે.

આ ઘટના બાદ કોંગ્રેસે સરકાર પર વિરોધ પ્રદર્શન દબાવવાનો આરોપ લગાવ્યો હતો. રાહુલ ગાંધી સહિત પાર્ટીના અગ્રણી નેતાઓ વિદ્યાર્થીઓના સમર્થનમાં આવ્યા હતા. દિલ્હીમાં પ્રદર્શન દરમિયાન રાહુલ ગાંધીની પોલીસે અટકાયત કરી હતી, જેને કોંગ્રેસે વિદ્યાર્થીઓનો અવાજ દબાવવાનો પ્રયાસ ગણાવ્યો હતો. સામે પક્ષે સરકારે પલટવાર કરતા જણાવ્યું હતું કે વિપક્ષ આ મુદ્દાનું રાજકારણ કરી રહ્યો છે.

સંસદના ચોમાસુ સત્રમાં પણ આ મુદ્દો ગૂંજ્યો હતો. વિપક્ષે શિક્ષણ વ્યવસ્થા અને પોલીસ કાર્યવાહીને લઈને સરકારને ઘેરી હતી, જ્યારે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને વિપક્ષ પર વિદ્યાર્થીઓને મોહરું બનાવવાનો આરોપ મૂક્યો હતો. દિલ્હી ઉપરાંત ભોપાલ, લખનઉ, મુંબઈ અને અમદાવાદ સહિતના શહેરોમાં બુધવારે પ્રદર્શનો થયા હતા. અમદાવાદમાં આશરે ૧૫૦ પ્રદર્શનકારીઓની અટકાયત કરીને બાદમાં મુક્ત કરાયા હતા.

બિહારની રાજધાની પટણાના રસ્તાઓ પર ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ સામસામે આવી ગયા હતા. બંને પક્ષો વચ્ચે ભારે નારેબાજી થઈ હતી અને આ દરમિયાન પથ્થરમારાની ઘટના પણ સામે આવી છે. જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન હજુ પણ ચાલુ છે અને આયોજકોએ માંગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી છે. આ આંદોલનનો અવાજ હવે પૂર્વોત્તર સુધી પહોંચ્યો છે. મિઝોરમના આઈઝોલમાં દિલ્હીના જંતર-મંતર પર ચાલી રહેલા CJP પ્રદર્શન અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકના સમર્થનમાં એક વિશાળ રેલી યોજવામાં આવી હતી. પ્રદર્શનકારીઓએ રાજકીય જવાબદારી નક્કી કરવાની માંગ સાથે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની પણ જોરદાર માંગ કરી હતી.

### રેડ એલર્ટ વચ્ચે તંત્ર સજ્જ

# સુરતમાં મેઘમહેર બની આફતનો સંકેત : રાત્રે ભારે વરસાદની આગાહી

## મીંઢોળા નદીમાં પૂર, લિંબાયતની ૩૨થી વધુ સોસાયટીઓમાં પાણી ભરાયા; અસરગ્રસ્તોને સલામત સ્થળે ખસેડાયા

સુરત,તા.૨૨

સુરત શહેર અને જિલ્લામાં બુધવારે ભારે વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગ દ્વારા સુરત શહેરમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી રાત્રે ૧૧ વાગ્યાથી વહેલી સવારે ૪ વાગ્યા દરમિયાન અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત મ્યુનિસિપલ કમિશનરે શહેરના નાગરિકોને સાવચેત રહેવા અને રાત્રે ૯ વાગ્યા સુધીમાં પોતાના ઘરે પહોંચી જવાની અપીલ કરી છે.

તંત્ર દ્વારા લોકોને રાત્રિના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અને સુરક્ષિત સ્થળે રહેવા સૂચના આપવામાં આવી છે. ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શક્યતા હોવાથી વહીવટી તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

ઉપરવાસમાં ભારે વરસાદના કારણે બારડોલીમાંથી પસાર થતી મીંઢોળા નદીમાં પૂર આવ્યું છે. નદીના જળસ્તરમાં વધારો થતાં કિનારા વિસ્તારમાં આવેલા 'તલાવડી' વિસ્તારમાં ૫૦થી વધુ શ્રમજીવી પરિવારોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. પરિસ્થિતિ ગંભીર બનતા પોલીસ અને ફાયર વિભાગની ટીમોએ તાત્કાલિક કામગીરી હાથ ધરી અસરગ્રસ્ત પરિવારોને સલામત રીતે નજીકની ગુજરાતી શાળામાં ખસેડ્યા હતા.

સુરક્ષાના ભાગરૂપે વહીવટી તંત્રએ રામજી મંદિર ઓવારા નજીક આવેલા લો લેવલ પુલ પર બેરિકેડિંગ કરી વાહનવ્યવહાર બંધ કરી દીધો છે. પાણીનો પ્રવાહ ઓછો થાય અને માર્ગ સુરક્ષિત બને ત્યાર બાદ જ ફરી વાહનવ્યવહાર શરૂ કરવામાં આવશે.

બીજી તરફ, પલસાણા તાલુકામાં પણ ભારે વરસાદની અસર જોવા મળી છે. સવારે ૬ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધીમાં ૬થી ૭ ઈંચ જેટલો વરસાદ પડતાં બલેશ્વર ગામમાં પાણી ભરાઈ ગયા હતા અને ગામ બેટ જેવી સ્થિતિમાં ફેરવાઈ ગયું હતું. ૩૨ ગંગા ખાડીમાં પૂર આવતા સામે પાર આવેલા ૫૦થી વધુ મકાનો પણ પ્રભાવિત થયા હતા.

સુરત શહેરના લિંબાયત વિસ્તારમાં પણ ખાડી પૂરનો ખતરો વધી ગયો છે. ખાડીનું પાણી ઓવરફ્લો થતાં ૩૨થી વધુ સોસાયટીઓ અને નીચાણવાળા વિસ્તારોમાં ગંદા પાણી ભરાયા છે. સ્થાનિક રહેવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સુરત મહાનગરપાલિકા અને અન્ય સરકારી વિભાગોની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત છે. અધિકારીઓએ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા, તંત્રની સૂચનાઓનું પાલન કરવા અને વરસાદ દરમિયાન નદી, ખાડી તથા પાણી ભરાયેલા વિસ્તારોમાં જવાનું ટાળવા અપીલ કરી છે. હાલ શહેરમાં વરસાદી પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

### યુરેનિયમ એનરિચમેન્ટની છૂટ આપી

# ટ્રમ્પનો 'માસ્ટર સ્ટ્રોક' : ઈરાનના 'શત્રુ' સાથે કરી ન્યૂક્લિયર ડીલ

## સાઉદી અરેબિયા પહેલેથી જ પરમાણુ શક્તિ ધરાવતા પાકિસ્તાન સાથે પોતાનો સંરક્ષણ સહયોગ વધારી રહ્યું છે

વોશિંગ્ટન, તા.૨૨

અમેરિકા અને ઈરાન વચ્ચે જે મુદ્દાને લઈને લાંબા સમયથી ભારે તણાવ અને યુદ્ધની સ્થિતિ બનેલી છે, તે જ પરમાણુ સંવર્ધન (યુરેનિયમ એનરિચમેન્ટ)ને લઈને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ટ્રમ્પ વહીવટીતંત્રે સાઉદી અરેબિયા સાથે એક એવા પરમાણુ કરારને લીલી ઝંડી આપી દીધી છે, જેના હેઠળ સાઉદી અરેબિયા હવે પોતાની જમીન પર નાગરિક પરમાણુ કાર્યક્રમ માટે યુરેનિયમ એનરિચમેન્ટ કરી શકશે.સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઐતિહાસિક ડીલની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવી શકે છે. આ કરાર 30 વર્ષ માટે રહેશે અને તેમાં અમેરિકન કંપનીઓ પણ સાઉદી અરેબિયાના પરમાણુ કાર્યક્રમના વિકાસમાં સીધી રીતે ભાગીદાર બનશે. અમેરિકા અને સાઉદી અરેબિયાના સંયુક્ત અભ્યાસ બાદ દેશમાં યુરેનિયમ એનરિચમેન્ટ પ્લાન્ટ સ્થાપવાનો રસ્તો પણ સાફ થઈ જશે. સાઉદી અરેબિયા અને ઈરાન વચ્ચે વર્ષોથી ક્ષેત્રીય વર્ચસ્વની લડાઈ ચાલી રહી છે, તેવામાં સાઉદીને યુરેનિયમ એનરિચમેન્ટનો અધિકાર મળવાથી પશ્ચિમ એશિયાનું રાજકીય અને સૈન્ય સંતુલન સંપૂર્ણપણે બદલાઈ શકે છે.પરમાણુ ક્ષેત્રના નિષ્ણાતોએ આ નિર્ણય સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. એક્સપટ્‌ર્સનું માનવું છે કે યુરેનિયમ એનરિચમેન્ટથી સીધા પરમાણુ હથિયાર નથી બનતા, પરંતુ તેનાથી ભવિષ્યમાં વેપન પ્રોગ્રામ (પરમાણુ હથિયારો) તરફ આગળ વધવાનો રસ્તો જરૂર ખુલી જાય છે. નોંધનીય છે કે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પહેલા પણ કહી ચૂક્યા છે કે જો ઈરાન પરમાણુ હથિયાર બનાવશે, તો સાઉદી અરેબિયા પણ તે જ દિશામાં આગળ વધશે.આ પહેલા પણ જો બાઈડન અને ડોનાલ્ડ ટ્રમ્પ બંને સાઉદી અરેબિયા સાથે પરમાણુ સહયોગ માટે પ્રયાસો કરી ચૂક્યા હતા. બીજી તરફ, સંયુક્ત આરબ એમિરેટ્સ (UAE)એ અમેરિકા સાથે '123 એગ્રીમેન્ટ' હેઠળ પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ શરૂ કર્યો હતો, પરંતુ તેમણે યુરેનિયમ એનરિચમેન્ટનો અધિકાર માગ્યો નહોતો. આથી જ અત્યાર સુધી UAE મોડેલને પરમાણુ સહયોગનું સૌથી સુરક્ષિત ઉદાહરણ માનવામાં આવતું હતું.સાઉદી અરેબિયા પહેલેથી જ પરમાણુ શક્તિ ધરાવતા પાકિસ્તાન સાથે પોતાનો સંરક્ષણ સહયોગ વધારી રહ્યું છે. તાજેતરના મહિનાઓમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ પણ એવો સંકેત આપ્યો હતો કે જરૂર પડ્યે તેમનો પરમાણુ કાર્યક્રમ સાઉદી અરેબિયા માટે ઉપલબ્ધ કરાવી શકાય છે. આ તમામ પરિસ્થિતિઓને જોતા, ટ્રમ્પ વહીવટીતંત્રનો આ નિર્ણય માત્ર ઊર્જા ક્ષેત્ર પૂરતો મર્યાદિત નથી મનાઈ રહ્યો, પરંતુ તેને ઈરાન સામે અમેરિકાની એક નવી મોટો વ્યૂહનીતિ અને પશ્ચિમ એશિયાના બદલાતા ભૌગોલિક-રાજકીય સમીકરણો સાથે જોડીને જોવામાં આવી રહ્યો છે.

# અમરેલી ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલનો પદગ્રહણ (ઇન્સ્ટોલેશન) સમારોહ સંપન્ન




લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલનો નવો પદગ્રહણ (ઈન્સ્ટોલેશન) સમારોહ અતિ ઉત્સાહ અને ભવ્યતાપૂર્વક યોજાઈ ગયો. આ પ્રસંગે કલબનાં નવા હોદ્દેદારોએ આગામી સમયમાં માનવસેવા અને સમાજ કલ્યાણનાં કાર્યોને વધુ વેગ આપવાનો સંકલ્પ કર્યો હતો. આ ભવ્ય સમારોહમાં મિલનસાર, ઉત્સાહી અને હંમેશા લોકસેવા માટે તત્પર રહેલ લાયન રાકેશ નાકરાણીએ પ્રમુખ તરીકે, રાજેશ ગઢીયાએ સેક્રેટરી તરીકે અને રોહિત મહેતાએ ખજાનચી તરીકે હોદ્દાનાં શપથ લીધા હતા. પોતાની દબદબાભરી સામાજિક કારકીર્દી અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતા રાકેશ નાકરાણીની આગેવાની હેઠળ કલબ સેવાના નવા શિખરો સર કરશે તેવી સૌએ આશા વ્યક્ત કરી હતી. નવા ચૂંટાયેલા તમામ હોદ્દેદારોને લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિકટ ૩૨૩૨– જેના ગવર્નર લાયન હાર્દિક મહેતાએ સત્તાવાર શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમનું ઉદઘાટક પદ ગુજરાત રાજયનાં ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ શોભાવ્યું હતું, જયારે ખાસ ઉપસ્થિતિ તરીકે પાસ્ટ ડિસ્ટ્રિકટ ગવર્નર લાયન વસંતભાઈ મોવલીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલા મહાનુભાવોમાં અમરેલીનાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ખોડલધામ અમરેલી જિલ્લાનાં પ્રમુખ રમેશભાઈ કાતરોટીયા, જુનાગઢ મંદિરનાં ટ્રસ્ટી રાજેશભાઈ માંગરોળિયા, સારથિ યુથ કલબ અને તપોવન આશ્રમનાં ફાઉન્ડર મુકેશભાઈ સંઘાણી, સમાજ અગ્રણીઓ કાંતિભાઈ વઘાસિયા, દિનેશભાઈ ભુવા, ઝોન ચેરમેન કૌશિકભાઈ હપાણી, રીઝન ચેરમેન વિજય વસાણી, ચાઈલ્ડ હૂડ કેન્સરનાં ડિસ્ટ્રિકટ ચેરમેન લાયન જયેશ પંડયા, લાયન્સ કલબ સિટીનાં પ્રમુખ લાયન નરોતમભાઈ સાકરીયા તથા લાયન્સ કલબ મેઈનનાં પ્રમુખ લાયન જતીનભાઈ સુખડિયા સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને નવા હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું આકર્ષક અને સફળ સંચાલન દિવ્યેશ વેકરીયા તથા ભરત બાવીસી દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઈન્સ્ટોલેશન સમારોહમાં બહોળી સંખ્યામાં સમાજ અગ્રણીઓ, આમંત્રિત મહેમાનો, સ્નેહી મિત્રો અને લાયન્સ પરિવારનાં સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## આખલા યુદ્ધથી શહેરીજનોમાં ફફડાટ

અધ્ધર થઈ ગયા નાના બાળકો મહિલાઓમાં દોડધામ મચી ગઈ અહીં બાલકૃષ્ણ સોસાયટી બાજુમાં આવેલ ભુતડાદાદાના મંદિર બાજુમા એકઠા થયા આખલાઓ અવાર નવાર યુધ્ધે ચડતા હોય આજે યુધ્ધે ચડતા નાગરિકોમાં દોડધામ મચી ગઇ હતી આખલાઓ ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે.

શાકભાજી માર્કેટ તેમજ મચ્છી માર્કેટની અંદર અવાર નવાર આખલાઓ આવી ચડતા રોડ રસ્તા ઉપર આખલાઓ યુધ્ધે ચડતા નાગરિકોના સભાગ મચી ગઈ હતી નવા બ્રિજ ઉપર રોડ રસ્તા પર અડિંગો જમાવીને બેઠેલા આખલાઓનો અસહ્ય ત્રાસના લીધે નાગરિકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. દિવસ તો ઠીક રાત્રે અંધકારમાં જયારે આ રેઢિયાળ ઢોરો રસ્તાઓ પર અડિંગો જમાવીને બેઠેલા હોય ત્યારે વાહનો સાથે ભટકાતા ગંભીર અકસ્માત નોતરે છે. જેને લઈ કેટલાક પરિવારમાં ગમગીની છવાઈ જાય છે. જાફરાબાદ નગરપાલિકા દ્વારા આવા રખડતાં ઢોરોને પકડવાની કામગીરી કયારેય કરવામાં આવી નથી જાણકારો મુજબ જાણવા મળ્યું કે પકડાયેલા ઢોર રાત્રે છોડી દેવામાં આવે છે. એટલે સમસ્યા અહીંથી ત્યાં શિફટ કરવામાં આવે છે. અનેક નિયમો અને કાયદાઓ આ પ્રશ્ને બનાવવામાં આવ્યા છે. પણ એના અમલીકરણ કે અમલ કરાવવાની તાકાત તંત્રમાં દેખાતી નથી જેને કારણે જાહેર જનતા ભોગ બની રહી છે. નવા બ્રિજ ઉપર પશુઓ મોટો અકસ્માત સર્જાય તેવી રીતે રોડ રસ્તાઓ ઉપર બેઠેલા આખલાઓ શહેરમાં રોડ રસ્તા ઉપર તથા રહેણાંક વિસ્તારોમાં આંટાફેરા મારતા હોવાથી અને ધમધમતા ટ્રાફિકમાં અકસ્માત નોતરે તેવી ભિતી સિનિયર સિટીઝન ઉપર પણ આખલાઓ દ્વારા હુમલા કરવામાં આવ્યા છે. પશુઓના અડિંગાથી નિર્દોષ ભોગ લેવાય તે પહેલાં પાલિકા તંત્ર જાગે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૦૦ | ૧૩૫૦ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૨૧૫૫ |
| ૩ | તલ સફેદ | ૧૫૮૦ | ૨૭૩૦ |
| ૪ | તલ કાળા | ૨૩૪૫ | ૩૮૫૫ |
| ૫ | બાજરો | ૪૭૦ | ૪૭૦ |
| ૬ | જુવાર | ૪૧૦ | ૧૨૭૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૫૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૫૦ |
| ૯ | મગ | ૧૩૦૦ | ૧૭૧૦ |
| ૧૦ | ચણા | ૧૦૩૦ | ૧૨૪૦ |
| ૧૧ | સફેદ ચણા | ૧૦૮૦ | ૧૨૫૦ |
| ૧૨ | વટાણા | ૭૮૦ | ૭૮૦ |
| ૧૩ | તુવેર | ૯૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | કપાસ | ૧૧૫૦ | ૧૯૧૦ |
| ૧૫ | જીરૂ | ૨૫૦૦ | ૩૨૯૦ |
| ૧૬ | ધાણી | ૧૯૦૦ | ૩૦૬૫ |
| ૧૭ | અજમા | ૨૬૧૦ | ૨૬૨૦ |
| ૧૮ | મેથી | ૧૧૯૫ | ૧૩૩૫ |
| ૧૯ | સોયાબીન | ૧૩૦૦ | ૧૫૦૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## લાઠીની ગાગડીયા નદીમાં

પાલિકાના કર્મચારીઓએ સમયસર રેસ્ક્યુ કરી સુરક્ષિત બહાર કાઢતા મોટી દુર્ઘટના ટળી હતી.

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસી રહેલા વરસાદના કારણે નદી – નાળાઓમાં પાણીનો પ્રવાહ વધ્યો છે. લાઠી ગામે આવેલી ગાગડિયા નદીમાં પણ પાણીનો પ્રવાહ તેજ બન્યો હતો.

આ દરમિયાન સેતાપાટી નજીક આવેલા નદીના પુલ પાસેથી એક વૃદ્ધ નદીના પાણીમાં ફસાયેલા હોવાનું સ્થાનિક યુવાનોના ધ્યાન પર આવતા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં લાઠી નગરપાલિકાના કર્મચારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા.

પાલિકાના કર્મચારીઓ અલ્પેશભાઈ ડાંગર, મહેન્દ્રભાઈ બાખલકિયા અને મુન્નાભાઈ સરલીયા સહિતની ટીમે સ્થાનિક યુવાનોની મદદથી પાણીમાં ફસાયેલા વૃદ્ધને સુરક્ષિત રીતે બહાર કાઢયા હતા. સમયસર કરાયેલા રેસ્કયુને કારણે વૃદ્ધનો જીવ બચી ગયો હતો અને મોટી દુર્ઘટના બનતા અટકી હતી.

વરસાદી માહોલને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા નદી – નાળાઓ અને પૂર આવેલા વિસ્તારોમાં બિનજરૂરી અવરજવર ન કરવા તેમજ સાવચેતી રાખવા લોકોને અપીલ કરવામાં આવી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૬૦ | ૧૩૦૫ |
| ૨ | તલ સફેદ | ૨૪૫૦ | ૨૫૫૦ |
| ૩ | જીરૂ | ૩૦૦૫ | ૩૮૦૫ |
| ૪ | ઘઉં | ૫૦૧ | ૫૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૩૨ |
| ૨ | શીંગ દાણા | ૧૮૪૦ | ૨૭૦૧ |
| ૩ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૫૦ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૩૮૦૦ |
| ૫ | જીરૂ | – | ૩૮૧૧ |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૪ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૧૨ |
| ૧૦ | જુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | મગ | ૧૨૭૫ | ૧૫૦૪ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ૧૩ | તુવેર | ૧૨૧૦ | ૧૪૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં પશુપાલકનાં

આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ યુવકને ડાબા તથા જમણા હાથના અંગુઠા પર મોઢાથી ત્રણ ચાર બટકા ભરી ગયેલ હતા. યુવકે ગળામાં સોનાનો ચેન હતો તે ચેન જોઈ જતા આરોપીઓ તે ચેનને ઝોટો મારી આશરે દોઢ તોલાનો ચેઈન કિંમત રૂપિયા આશરે રૂપિયા ૧,૫૦,૦૦૦નો ચેનની લૂંટ કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવને લઈ અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે મોટી સંખ્યામાં જેશીંગપરાનાં લોકો દોડી આવ્યા હતા અને આરોપી સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી.


**શ્રી લોંકી ગ્રામ પંચાયત કચેરી**
**મુ. લોંકી, તા. લીલીયા મોટા, જી. અમરેલી, ૩૬૫૫૩૫**

**:: જાહેર હરરાજી ::**

આથી સર્વે રસ ધરાવતા લોકોને જણાવવાનું કે, લોંકી ગામે ગ્રામ પંચાયત કચેરીના મકાન ના કાટમાળ ની જાહેર હરરાજી કરવાની હોવાથી નીચેની વિગતે હરરાજી માટે ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવા વિનંતી.

તારીખ : ૨૮/૦૭/૨૦૨૬, મંગળવાર
સ્થળ : ગ્રામ પંચાયત કચેરી લોંકી
સમય : સવારે ૧૧:૦૦ કલાકે
અપસેટ કિંમત : રૂા. ૧૫,૦૦૦/–

હરરાજીની શરતો અને વધુ વિગતો માટે ગ્રામ પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

**તલાટી કમ મંત્રીશ્રી**
**લોંકી ગ્રામ પંચાયત**
**મુ. લોંકી, તા. લીલીયા મોટા,**
**જિ. અમરેલી**

**સરપંચશ્રી**
**લોંકી ગ્રામ પંચાયત**
**મુ. લોંકી, તા. લીલીયા મોટા,**
**જિ. અમરેલી**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૧૦૧ | ૨૬૦૧ |
| ૨ | તલ કાળા | ૩૫૪૧ | ૩૫૪૧ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૪ | બાજરો | ૩૮૧ | ૫૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૬ | ૫૪૦ |
| ૬ | જુવાર | ૩૦૦ | ૧૨૩૪ |
| ૭ | મગ | ૧૬૦૦ | ૧૬૩૦ |
| ૮ | અડદ | ૧૫૩૧ | ૧૫૩૧ |
| ૯ | તુવેર | ૧૧૪૧ | ૧૧૪૧ |
| ૧૦ | ચણા | ૯૦૧ | ૧૨૦૦ |
| ૧૧ | મેથી | ૧૨૨૬ | ૧૩૩૧ |
| ૧૨ | રાય | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૧૩ | શીંગદાણા | ૧૯૫૦ | ૧૯૫૦ |


**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

**અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...**

**અનિલસિંહ જનવાર : Mo.9426831241**



**સમર્પણ શરાફી સહકારી મંડળી લી. – બગસરા**
**વાર્ષિક સાધારણ સભા અંગે નોટિસ**

સમર્પણ શરાફી સહકારી મંડળી લી., બગસરાના સર્વે સભાસદોને આથી જણાવવાનું કે, આપણી મંડળીની ૫–મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૬/૭/૨૦૨૬ ને રવિવારના રોજ નીચેના સ્થળે અને સમયે દર્શાવેલ કાર્યસુચીના કામોના નિકાલ માટે મળશે તો દરેક સભાસદોએ હાજરી આપવા નિમંત્રણ છે.

તારીખ : ૨૬/૦૭/૨૦૨૬, રવિવાર
સમય : સવારના ૯:૦૦ કલાકે
સ્થળ : મંડળીની ઓફીસ – બગસરા

**લી.**
**બોર્ડ ઓફ ડિરેકટર્સ**

**સમર્પણ શરાફી સહકારી મંડળી લી. – બગસરા**


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૭૬ | ૪૭૬ |
| ૨ | ચણા | ૧૦૩૦ | ૧૨૦૦ |
| ૩ | તુવેર | ૧૩૫૦ | ૧૪૨૫ |
| ૪ | ધાણા | ૨૩૮૦ | ૨૩૮૦ |
| ૫ | સુવાદાણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૬ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૭ | તલ કાળા | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૮ | શીંગ દાણા | ૧૮૮૦ | ૧૯૮૭ |
| ૯ | અડદ | ૧૭૧૦ | ૧૭૧૦ |
| ૧૦ | સોયાબીન | ૧૩૦૦ | ૧૩૯૨ |
| ૧૧ | મગ | ૧૪૭૫ | ૧૪૭૫ |

# અમરેલી : જ્ઞાન શકિત સ્કુલમાં સિટી પોલીસ દ્વારા ''ગુડ ટચ અને બેડ ટચ'' વિષે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમરેલી શ્રીમતિ એસ.એમ. વઘાસીયા ઈંગ્લીશ મીડિયમ લોઅર પ્રાઈમરી સ્કૂલ અને જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસેલેન્સ, અમરેલી ખાતે PSI-અમરેલી સીટી પોલીસ સ્ટેશન દ્વારા ''ગુડ ટચ બેડ ટચ'' વિષય પર જાગૃતા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને સારા અને ખરાબ સ્પર્શનો ફરક સમજાવી તેમની સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોઈ પણ અણગમતા બનાવ સમયે ડર્યા વગર માતા–પિતા, શિક્ષક અથવા પોલીસને જાણ કરવાની પ્રેરણા આપવામાં આવી હતી.

## તોરી ગામે વિકાસ કામ કરવા બાબતે બંને વચ્ચે માથાકૂટ થઈ

# કુંકાવાવ તાલુકા પંચાયતનાં પ્રમુખનાં પતિ અને તોરીનાં ઈન્ચાર્જ સરપંચ વચ્ચે બઘડાટી

**તોરી ગ્રામ પંચાયત કચેરીમાં બંને આગેવાનો વચ્ચે ખુરશીઓ ઉડી**

**ધીંગાણામાં બંને આગેવાનો ઈજાગ્રસ્ત થતાં સારવારમાં ખસેડાયા**

**જો કે ઈન્ચાર્જ સરપંચને વધુ ઈજા થતાં જેતપુર ખાતે સારવારમાં લઈ જવાયા**

**બંને આગેવાનોનાં સમર્થકો સારવારનાં સ્થળે એકત્ર થયા**

વડિયા, તા. ૨૨

વડિયા–કુંકાવાવ તાલુકાના તોરી ગામના પૂર્વ સરપંચ સોનલબેન પાનસુરીયા તાલુકા પંચાયત ચૂંટણીમાં વિજેતા બનતા તેની કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે વરણી થતાં તોરી ગામના સરપંચ પદનો ચાર્જ ઉપસરપંચ પરેશભાઈ કોટડીયાને સોંપવામાં આવતા હાલ તોરી ગ્રામ પંચાયતનું સુકાન તેઓ સંભાળી રહ્યા છે. બપોરબાદનાં સમયે તોરી ગામમાં વિકાસ કાર્યો ચાલતા હોવાથી તાલુકા પંચાયત પ્રમુખના પ્રતિનિધિ યોગેશભાઈ પાનસુરીયા અને સરપંચ પરેશભાઈ કોટડીયા તોરી ગામે હાજર હતા. ત્યારે બંને વચ્ચે ગ્રામ પંચાયત ખાતે ધીંગાણાની ઘટના ઘટી હતી અને ગ્રામ પંચાયત કચેરીમાં બંને નેતાઓ વચ્ચે ખુરશીઓ ઉડી હતી અને બટકા ભર્યાની ઘટનાઓ સામે આવી હતી.

આ બાબતની જાણ સ્થાનિકોને થતાં મામલો વધુ ગરમાયો હતો. બંને નેતાઓ ધીંગાણામાં ઈજાગ્રસ્ત થતાં ૧૦૮ મારફતે વડિયા




સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બાબતની જાણ વડિયા પોલીસને થતાં તે પણ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જો કે સરપંચ પરેશભાઈ કોટડીયાને વધુ ઈનજાઓ થતાં તેમને વધુ સારવાર અર્થે જેતપુર રીફર કરવામાં આવ્યા હતા. આ તકે બંને નેતાઓના ઝગડાના સમાચાર સમગ્ર પંથકમાં ફેલાતા વડિયા સિવિલ હોસ્પિટલ ખાતે બંને નેતાઓના સમર્થકો ઉમટયા હતા.

## અમરેલી : ગજેરા કેમ્પસ–વિદ્યાસભા DLSSનો હેન્ડબોલ ગેમમાં અવિરત ડંકો, ગુજરાત હેન્ડબોલ લીગમાં સુવર્ણ પદક મેળવી ગૌરવ વધાર્યું


અમરેલી, તા. ૨૨

અમરેલી તારીખ : ૧૨ થી ૧૭ જુલાઈ ૨૦૨૬ના રોજ ગુજરાત હેન્ડબોલ લીગ ટુર્નામેન્ટ ભાઈઓની સ્પર્ધાનું આયોજન મોરબી ખાતે કરવામાં આવ્યું હતું. જે ઉંચ્ચ અને તાંત્રિક શિક્ષણના રાજય કક્ષાના મંત્રી ત્રિકમભાઈ છાંગાના માર્ગદર્શન હેઠળ યોજાય. જેમાં રાજયના અલગ–અલગ જિલ્લાની શ્રેષ્ઠ શાળાકીય હેન્ડબોલ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસ–વિદ્યાસભાના DLSS ખેલાડીઓએ ભાગ લઈ. આ સ્પર્ધામાં કટોકટીના મુકાબલા વચ્ચે ગજેરા કેમ્પસ–વિદ્યાસભાના ભાઈઓ હેન્ડબોલ ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવીને સુવર્ણ પદક મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. જેમાં આ સંસ્થાના ૧) સોલંકી વિજય, ૨) બારૈયા રાહુલ, ૩) બાભરોલીયા નૈતિક, ૪) વેગડ અરૂણ, ૫) બલદાણીયા રાહુલ, ૬) વાઘેલા સૂર્યદીપ, ૭) શિયાળ વિજય, ૮) બલદાણીયા આદિત્ય, ૯) મેણીયા હાર્દિક, ૧૦) ધાપા સાવન, ૧૧) રાઠોડ ઈશાન, ૧૨) ધુડવે નરેશ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના DLSS ખેલાડીઓએ આ ગૌરવપૂર્ણ સિધ્ધિમાં અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલની વિશેષ ભૂમિકા રહી છે. તેમજ ગર્લ્સ હેન્ડબોલ ટીમમાં ૧)બલદાણીયા હિરલ, ૨) બારૈયા નિધિ, ૩) સોલંકી મિતલ, ૪) જાની હેમાંગી, ૫) મકવાણા દર્શના, ૬) ચૌહાણ અક્ષિતા, ૭) પરમાર ક્રિષ્ના, ૮) ગોહિલ કંકુ બહેનોની હેન્ડબોલ ગેમામાં કાંસ્યપદક મેળવેલ છે. જે ગજેરા કેમ્પસ વિદ્યાસભાના પ્રતિભાશાળી ખેલાડીઓની જીત સમગ્ર જિલ્લા માટે આનંદ અને ગર્વની બાબત બની છે. રાજય કક્ષાએ મેડલ જીતી અમરેલી જિલ્લાનું નામ રાજય સ્તરે ઉજાગર કર્યુ છે. આ સિદ્ધિ દ્વારા ફરી એકવાર વિદ્યાસભા DLSS ખેલાડીઓએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.



સંસ્થામાં તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ હેન્ડબોલ ખેલાડી ટીમ, તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

## રંગપુર ગામે આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણ અપાયું



અમરેલી, તા.૨૨

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.એમ જોષી, જીલ્લા મેલેરીયા અધિકારી ડો.એ.કે સીંગ તથા તાલુકા આરોગ્ય અધિકારી એસ.બી સતાણીના માર્ગદર્શન હેઠળ રંગપુર ગામ ખાતે વાહકજન્ય રોગો જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાનો ફેલાવવો ન થાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા પ્રાથમિક શાળ । રંગપુર ખાતે વાહકજન્ય રોગો વિશે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ. તથા બાળકોને ગપ્પી ફીશ ડેમોસ્ટ્રેશન કરવામાં આવેલ. તથા રંગપુર ગામ ખાતે ૧૫ જેટલા ખુલ્લા પાણીના ટાંકામા પોરાભક્ષક ગપ્પી માછલીઓ મુકવામાં આવેલ.આ કામગીરીને સફળ બનાવવા માટે સ્થાનિક આરોગ્ય સ્ટાફ એસ.પી.રાણવા, કે.બી દુધાત, ડી.જી.રાજયગુરૂ ગામના સેવાભાવી જયદીપભાઈ વોરા તથા પ્રાથમિક શાળા રંગપુરના સ્ટાફએ જહેમત ઉઠાવેલ.

## ઉના ખાતે કોંગેસનાં ચુંટાયેલા પ્રતિનિધિઓનો સન્માન સમારોહ યોજાયો



ઉના, તા. ૨૨

ઉના સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસ પક્ષ ધ્વારા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનાં ચુંટાયેલા સભ્યો તેમજ પ્રતિનિધિઓના સન્માન માટે કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને માજી ધારાસભ્ય પુંજા વંશે ચુંટાયેલા પ્રતિનિધિઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, પ્રજાનાં વિશ્વાસને જાળવી રાખી લોકોનાં પ્રશ્નોનાં નિરાકરણ માટે સતત કાર્ય કરવું જરૂરી છે. તેમણે સંગઠનને વધુ મજબુત બનાવી જનહિતનાં મુદ્દાઓને પ્રાથમિકતા આપવાની પણ અપીલ કરી હતી.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્ય ભરત શિંગડ, તાલુકા પંચાયત સભ્ય ભીમભાઈ સોલંકી સહિત કોંગ્રેસનાં આગેવાનો, ચુંટાયેલા પ્રતિનિધિઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સંગઠનની આગામી કામગીરી, સ્થાનિક વિકાસના મુદ્દાઓ અને જનસંપર્કને વધુ સશક્ત બનાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમ અંતે તમામ ઉપસ્થિત મહાનુભાવોએ ચુંટાયેલા પ્રતિનિધિઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને જનસેવામાં વધુ સક્રિય રહી જિલ્લાનાં વિકાસમાં યોગદાન આપવા આહ્વાન કર્યુ હતું.


## અમરેલી : મોંઘીબા કોલેજ દ્વારા કવિ ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે કાવ્ય સંગોષ્ઠી યોજાઈ

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ, અમરેલી દ્વારા તારીખ ૨૧/૦૭/૨૦૨૬ના રોજ ગુજરાતી સાહિત્યના અગ્રગણ્ય કવિ જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા કવિ ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે આનલાઈન આંતરરાષ્ટ્રીય કાવ્ય સંગોષ્ઠીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ ગુજરાતી વિભાગાધ્યક્ષ ડો. નિરૂપા ટાંક દ્વારા કવિ ઉમાશંકર જોશીના કાવ્યનું ગાયન કરીને કરાયો હતો. ત્યારબાદ મહાવિદ્યાલયના પ્રાચાર્ય વિલાસબેન સોરઠિયાએ સ્વાગત પ્રવચન આપ્યું અને કાર્યક્રમમાં જોડાયેલા કવિગણ અને સાહિત્ય રસિકોનું શબ્દોથી સ્વાગત કર્યુ.

ત્યારબાદ ડો. નિરૂપા ટાંક દ્વારા કવિ ઉમાશંકર જોશીના સાહિત્યિક પ્રદાન, માનવતાવાદી વિચારધારા અને ગુજરાતી ભાષા–સાહિત્યના વિકાસમાં તેમના અવિસ્મરણીય યોગદાન પર પ્રકાશ પાડયો.



આંતરરાષ્ટ્રીય કાવ્ય સંગોષ્ઠીમાં ભારત ઉપરાંત વિવિધ દેશોના કવિઓ, સાહિત્યકારો, સંશોધકો, વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ ઓનલાઈન માધ્યમથી ભાગ લીધો હતો. આમંત્રિત કવિગણમાં બેલ્જિયમથી કવિ કપિલ કુમાર તેમજ ગુજરાતમાંથી કવિ સ્નેહલ જોશી, કવિ કેતન જોશી, કવિ વિશાલ જોશી અને કવયિત્રી પાયલબહેન ઉનડકટની ઉપસ્થિતિ રહી હતી. આ ઉપસ્થિત કવિઓએ પોતાની સ્વરચિત કવિતાઓનું ભાવસભર પઠન કર્યુ તેમજ ઉમાશંકર જોશીના કાવ્યસર્જન, ભાષાશૈલી, માનવમૂલ્યો અને વૈકિ દષ્ટિકોણ અંગે પોતાના વિચારો રજૂ કર્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંયોજન મહાવિદ્યાલયના અધ્યાપક ડો. અરવિંદ કુમાર ઉપાધ્યાય અને ડો. નિરૂપા ટાંક દ્વારા સુંદર રીતે કરાયું હતું. અંતે ડો. અરવિંદકુમાર ઉપાધ્યાય દ્વારા આભાર દર્શન કરાયું અને સૌના સહયોગ બદલ કૃતજ્ઞતા વ્યકત કરવામાં આવી. આ કાવ્યસંગોષ્ટી દ્વારા વિદ્યાર્થીઓમાં સાહિત્યપ્રેમ, સર્જનાત્મકતા અને કાવ્યપ્રત્યેની અભિરૂચિનો વિકાસ થયો તેમજ કવિ ઉમાશંકર જોશીના જીવન અને સાહિત્યને નવી પેઢી સુધી પહોંચાડવાનો ઉમદા પ્રયાસ સફળ રહ્યો.

# સુપ્રસિધ્ધ ભુરખિયા હનુમાનજી મંદિરે જગદગુરૂ શંકરાચાર્ય પુ. સ્વામીશ્રી સદાનંદ સરસ્વતી મહારાજે આર્શીવાદ લીધા



અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના સુપ્રસિધ્ધ ભુરખિયા હનુમાનજી મંદિરે નવનિર્માણની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. જગતગુરૂ શંકરાચાર્ય પૂજય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજના પવિત્ર સાનિધ્યમાં મંદિરના નૂતન નિર્માણ માટે આશીર્વાદ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ અવસરે મંદિર પરિસરમાં ભગવાન શ્રીરામ અને ભગવાન મહાદેવના ભવ્ય મંદિરોના નિર્માણની પણ જાહેરાત કરવામાં આવી હતી. અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ભુરખિયા ગામે આવેલ સુપ્રસિધ્ધ ભુરખિયા હનુમાનજી મંદિર ખાતે જગતગુરૂ શંકરાચાર્ય પૂજય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજ આજે પધારતા સમગ્ર વિસ્તારમાં ભકિતમય વાતાવરણ સર્જાયું હતું. તેમના આગમનને લઈને ગ્રામજનો અને ભકતોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મંદિર પરિસરમાં દીકરીઓ દ્વારા પુષ્પવર્ષા કરી જગતગુરૂનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જગતગુરૂએ ભુરખિયા હનુમાનજીના દર્શન–પૂજન કરી વિશેષ આરાધના અર્પણ કરી હતી. દર્શન બાદ યોજાયેલી ધર્મસભામાં મોટી સંખ્યામાં ભકોએ ઉપસ્થિત રહી ધર્મલાભ મેળવ્યો હતો. આ પ્રસંગે ભુરખિયા હનુમાનજી મંદિરના નવનિર્માણ માટે જગતગુરૂએ આશીર્વાદ આપ્યા હતા તેમજ મંદિરના સર્વાંગી વિકાસ અંગે દિવ્ય માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. સાથે જ મંદિર પરિસરમાં ભગવાન શ્રીરામ અને ભગવાન મહાદેવના ભવ્ય મંદિરોનું પણ નિર્માણ કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી હતી. જગતગુરૂના આગમન નિમિત્તે મંદિર પ્રશાસન, ટ્રસ્ટી મંડળ તેમજ ભુરખિયા ગામના ગ્રામજનોએ ભવ્ય સામૈયાનું આયોજન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભકિત, શ્રધ્ધા અને આધ્યાત્મિકતાનો અનોખો માહોલ સર્જાયો હતો. નવા મંદિર નિર્માણથી ભુરખિયા હનુમાનજી ધામનું ધાર્મિક અને આધ્યાત્મિક મહત્વ વધુ ઉજાગર થશે તેવી ભાવના ભકતોમાં વ્યકત થઈ હતી.




## પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખની સોસાયટીમાં જ ગટરની સમસ્યા

# સાવરકુંડલામાં ઉભરાતી ગટરોથી શહેરીજનો તોબા...તોબા

**પીવાનાં પાણીની પાઈપલાઈનમાં ગટરનાં ગંધાતા પાણીનો ભરાવો થતાં મચ્છરનો ઉપદ્રવ વધી ગયો**

**છેલ્લા પાંચ વર્ષથી સમસ્યા છતાં પાલિકાનાં સત્તાધીશોનાં આંખ આડા કાન**

**સ્થાનિકોએ અવારનવાર રજૂઆત કરી છતાં પણ પરિણામ શૂન્ય**

**સ્વચ્છતા અભિયાન પાછળ લાખો રૂપિયાનો ખર્ચ છતાં સ્વચ્છતાનો અભાવ**



સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલામાં ગટરનાં ગંધાતા પાણી પીવાનાં પાણીની પાઈપલાઈનભળવા તેમજ જાહેર માર્ગો પર ફરી વળતાં મધુવન સોસાયટી, સરદાર સોસાયટી, ગીતાજંલિ સોસાયટી સહિતનાં વિસ્તારોનાં શહેરીજનો તોબા પોકારી ગયા છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, પાલિકાનાં પ્રમુખ અને ઉપપ્રમુખનાં વિસ્તારમાં જ ગંદકીનો માહોલ હોય અન્ય વિસ્તારની શું હાલત હશે તે સમજી શકાય તેમ છે.

સ્થાનિકોએ આક્ષેપ કર્યો કે છેલ્લા પાંચ વર્ષથી પાલિકામાં અવારનવાર રજૂઆત કરવામાં આવી છતાં પરિણામ શૂન્ય આવેલ છે. પાલિકાનાં શાસકો ઉભરાતી ભૂગર્ભ ગટરની સમસ્યા દૂર ન કરે તો શહેરમાં રોગચાળો ફેલાવાની પુરેપુરી શકયતા જોવા મળી રહી છે.

### રાત્રિનાં ૮ થી ૯ની વચ્ચે

## રાજુલામાં રહેતા પરપ્રાંતિય યુવકે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ અંતિમ વાટ પકડી

**સ્થાનિક પોલીસમાં સત્તાવાર રીતે જાહેર થયું**

અમરેલી, તા. ૨૨

રાજસ્થાનના વતની અને હાલ રાજુલા ગામે આવેલ આહીર સમાજના ગેઈટની સામે રહેતા જોગેન્દર બહાદુરસિંહ ઠાકન નામના ૨૯ વર્ષિય પરપ્રાંતિય યુવકે ગત તા. ૨૦નાં રાત્રીના આશરે આઠેક વાગ્યાથી આશરે પોણા નવેક વાગ્યાની વચ્ચે કોઈપણ સમયે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## અમરેલીના પીઢ પત્રકાર મિલાપ રૂપારેલનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાના પત્રકારત્વક્ષેત્રે છેલ્લા ૨૫ વર્ષથી નિષ્ઠાપૂર્વક સેવાઓ આપતા પીઢ આગેવાન પત્રકાર અને સૌરાષ્ટ્રના નામાંકિત અખબારમાં અમરેલી જિલ્લાના બ્યુરોચીફ તરીકે ફરજ બજાવતા મિલાપ રૂપારેલનો આવતીકાલ તા.૨૩ ગુરૂવારના રોજ જન્મદિવસ છે. તેમના જન્મદિવસ નિમિત્તે સગા-સંબંધીઓ, મિત્રો, પત્રકાર આલમ, સામાજિક આગેવાનો તેમજ શુભેચ્છકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

પત્રકારત્વ ક્ષેત્રે છેલ્લા પચીસ વર્ષથી સતત સક્રિય રહેલા મિલાપ રૂપારેલે અમરેલી જિલ્લાના અનેક મહત્વ પૂર્ણ પ્રશ્નો, સામાજિક મુદ્દાઓ, લોકહિતના પ્રશ્નો અને વિકાસલક્ષી સમાચારને પ્રાધાન્ય આપીને પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. તેમની નિષ્પક્ષ, તટસ્થ અને જવાબદાર પત્રકારત્વની કામગીરીને કારણે તેઓ સમાજના



વિવિધ વર્ગોમાં વિશ્વાસપાત્ર નામ બન્યા છે.

મિલાપ રૂપારેલના જન્મદિવસ નિમિત્તે તેમના મોબાઈલ નંબર ૯૪૨૮૩ ૪૩૧૦૦ પર સગા-સંબંધીઓ, મિત્રો, પત્રકાર મિત્રો, રાજકીય આગેવાનો, અધિકારીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ શુભેચ્છકો દ્વારા ફોન,સંદેશાઓ અને સોશિયલ મીડિયા મારફતે શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે. સૌએ તેમના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય અને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી છે.

### પાલિકાના શાસકો યોગ્ય કરે તેવી માંગ

## જાફરાબાદમાં અવાર નવાર થતાં આખલા યુદ્ધથી શહેરીજનોમાં ફફડાટ

**સમસ્યાનું કાયમી નિરાકરણ કરવું જરૂરી**

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારોમાં આખલાઓ યુધ્ધે ચડતા નાગરિકોમાં દોડધામ મચી સોસાયટીની સાવ સાંકડી ગલીમા યુધ્ધે ચડેલા આખલાઓથી નાગરિકોના જીવ

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)